આજનો સુવિચાર

ગુસ્સાની એક ક્ષણ સાંભળી શકશો, તો પસ્તાવાના સો વર્ષ થી બચી જશો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૮ જૂનાગઢ તા.૧૭-૦૬-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 158, Junagadh : Date : 17 Jun, 2024, Monrday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# પશ્ચિમ બંગાળમાં જલપાઈગુડી નજીક ટ્રેન દુર્ઘટના : ૮ મુસાફરોનાં મોત : ૫૦ ઘાયલ



## અગરતલાથી સિયાલદાહ જઈ રહેલી કાંચનઝંઘા એકસપ્રેસ ટ્રેનને માલગાડીએ પાછળથી ટક્કર મારી

ન્યુજલપાઈગુડી તા. ૧૭ પશ્ચિમ બંગાળમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં આજે સવારે લગભગ ૯ વાગ્યે માલગાડીએ કંચનજંગા એક્સપ્રેસ (૧૩૧૭૪)ટ્રેનને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કંચનજંગા એકસપ્રેસના ૩ ડબ્બાને ભારે નુકસાન થયું હતું. પશ્ચિમ બંગાળ પોલીસના જણાવ્યા અનુસાર ૮ મુસાફરોના મોત થયા છે, જ્યારે ૫૦ મુસાફરો ઘાયલ થયા છે. ગેસ કટર વડે ડબ્બા કાપીને લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે

મીડિયા રિપોર્ટ્સ અનુસાર મૃત્યુ પામેલા લોકોમાં એક લોકો પાયલટ પણ સામેલ છે. જો કે, રેલવેએ હજુ સુધી આ વાતની પુષ્ટિ કરી નથી. કંચનજંગા એક્સપ્રેસ પશ્ચિમ બંગાળના અગરતલાથી સિયાલદહ જઈ રહી હતી. રેડ સિગ્નલના કારણે એક્સપ્રેસ ટ્રેનને સિલિગુડીના રંગપાની સ્ટેશન પાસે રૂઈધાસા ખાતે રોકી દેવામાં આવી હતી. આ દરમિયાન પાછળથી આવતી એક માલગાડીએ ટ્રેનને ટક્કર મારી દીધી હતી.

આશંકા છે કે માલગાડીના પાયલટે સિગ્નલની અવગણના કરી હતી, જેના કારણે આ દુર્ઘટના ઘટી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એક્સપ્રેસ ટ્રેનનો એક ડબ્બો માલગાડીના એન્જિન પર ચડી ગયો હતો. જ્યારે અન્ય બે કોચ પાટા પરથી ઉથલી પડયા હતા. આ બનાવ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારે દુઃખની લાગણી વ્યકત કરી છે. જયારે પ.બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી ઘટના સ્થળે જવા રવાના થયા છે.

# પાવાગઢમાં ૫૦૦ વર્ષ જુની જૈન મૂર્તિઓ ખંડિત કરાઈ : જૈન સમાજમાં ભારે રોષ

પાવાગઢ તા. ૧૭ યાત્રાધામ પાવાગઢ સ્થિત મહાકાળી મંદિરનાં જૂનાં પગથિયાંની બાજુમાં સ્થાપિત કરાયેલી ૫૦૦ વર્ષ જૂની જૈનોના તીર્થંકર નેમિનાથની પ્રતિમાઓને પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા કાઢી લેવામાં આવતા સમગ્ર જૈન સમાજમાં તેના ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. આ સમગ્ર ઘટનાની જાણ જૈન સમાજને થતાં સુરતમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા જૈન સમુદાયને સંબોધતા જૈનાચાર્યએ પાવાગઢ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અશોક પંડ્યા સામે ભારે નારાજગી જાહેર કરી હતી. તે સાથે જૈન મુનિએ આરોપ લગાવ્યો છે કે દ્વેષબુદ્ધિથી કોઈએ મૂર્તિ તોડી પાડી છે. તો મોડીરાત્રે હાલોલમાં જૈન સમાજ પાવાગઢ પોલીસ મથકે એકઠો થતાં જિલ્લા પોલીસ વડા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જૈન સમાજના આગેવાનોએ આવેદન આપી જિલ્લા SP તેમજ કલેક્ટર સાથે વાત કરતા તેમને પ્રતિમાઓને યથાસ્થાને મૂકી દેવાની ખાતરી આપતા મધ્યરાત્રે મામલો શાંત પડ્યો હતો.

# તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરીની તપાસ કરવા હાઈકોર્ટનો આદેશ : તંત્રમાં દોડધામ



અમદાવાદ,તા.૧૭ સરકારી તંત્રની લાપરવાહીને કારણે ગુજરાતમાં એક પછી એક ગોઝારી દુર્ઘટનાઓથી સરકાર તો ખળભળી ઉઠી જ છે પરંતુ ગુજરાત હાઈકોર્ટ પણ આકરા પાણીએ છે. રાજકોટ અગ્નિકાંડ મામલે ફેકટ-ફાઈન્ડીંગ (સત્યશોધક) કમીટી મારફત તપાસની સાથોસાથ ગુજરાતની વડીઅદાલતે તમામ મ્યુનીસીપલ કોર્પોરેશનની કામગીરીની તપાસ કરીને એક મહિનામાં રિપોર્ટ આપવાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ તથા જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની બેંચે શહેરી વિકાસ તથા શહેરી આવાસ વિભાગના મુખ્ય સચિવને સરકારી કાર્યવાહી ઠીકઠાક કરવા માટે કડક કદમ ઉઠાવવાની સૂચના આપી હતી. ગુજરાતના કોર્પોરેશનોના કમીશ્નરોની કામગીરી 'લાપરવાહ' જેવી હોવાનુ વિવિધ દુર્ઘટના પરથી જણાય રહ્યું છે ત્યારે તમામ કોર્પોરેશનોની કામગીરી ચકાસવાનું અનિવાર્ય થઈ ગયુ છે. મોરબી ઝુલતા પુલ દુર્ઘટના, હરણીબેટ દુર્ઘટના, રાજકોટ અગ્નિકાંડનો આ તકે ખાસ ઉલ્લેખ કર્યો હતો.

# રાજકોટ અગ્નીકાંડમાં હવે મોટા અધિકારીઓનો વારો ચડી જશે : મુખ્યમંત્રી એકશન મોડમાં

ગાંધીનગર,તા.૧૭ સરળ ઈમેજ ધરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટના અગ્નિકાંડ મામલે અત્યંત આકરા પગલા લેવાના મૂડમાં છે. રાજકોટના કોર્પોરેશનમાં પોલીસ વિભાગના અધિકારીઓની ધરપકડ બાદ વધુ કેટલાંક માથા ઝપટે ચડી શકે છે. તપાસનીશ એજન્સીઓ જુદા-જુદા અધિકારીઓની ભૂમિકા તથા તેમની બેદરકારીની તપાસ કરી જ રહી છે ત્યારે રિપોર્ટ બાદ વધુ કેટલાકનો 'વારો' ચડી શકે છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તાજેતરની બેઠકમાં ભ્રષ્ટાચાર સામે તૂટી પડવાના આદેશ કર્યા હતા. મૃદુ અને સરળ મુખ્યમંત્રી તરીકેની ઈમેજ હવે કડક તથા શકિતશાળી નેતા તરીકે ઉપસવા લાગી છે. ભ્રષ્ટાચાર કે નાગરિકોને કોઈપણ જાતની હેરાનગતિ સહન નહીં કરવાની ચિમકી પ્રધાનો તથા ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આપી હતી. રાજય સરકારના જ માહિતગાર સૂત્રોએ કહ્યું કે ફિલ્ડ લેવલે ભ્રષ્ટાચારી અધિકારીઓને નિશાન બનાવવામાં આવ્યા બાદ હવે સચિવાલય-સચિવ સ્તરે થતા ભ્રષ્ટાચાર પર તોપનું નાળચું ફરી શકે છે. આજે તેમાં કેટલાંક માથા પર ગાજ વરસી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં મુખ્યમંત્રીએ બેઠક રાખી હતી. રાજકોટના અગ્નિકાંડમાં જવાબદાર કોઈ અધિકારી કે અન્ય કોઈને પણ નહીં છોડવાનું સ્પષ્ટ કર્યુ હતું.

# આગામી બજેટમાં આવકવેરા મર્યાદામાં વધુ છૂટ મળવાની સંભાવના

નવી દિલ્હી તા. ૧૭ : આવકવેરાદાતાઓને આગામી દિવસોમાં રાહત મળી શકે છે. વર્તમાન આવકવેરા માળખાને તર્કસંગત બનાવવા માટે ઉત્પાદકો આવકવેરાના દરમાં ઘટાડો કરી શકે છે. ઘટતા વપરાશની સમસ્યાનો સામનો કરી રહેલી ભારતીય અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવા માટે સરકાર આગામી બજેટમાં આવકવેરા અંગે મોટી જાહેરાત કરી શકે છે. ઈન્ડીયન એક્સપ્રેસના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. સૂત્રોને ટાંકીને એવું કહેવામાં આવ્યું છે કે સરકારી નીતિ નિર્માતાઓ હાલના આવકવેરા માળખાને તર્કસંગત બનાવવાની તરફેણમાં છે. આ માટે ઓછી આવક કરદાતાઓને વધુ ટેકસ છૂટ આપવામાં આવી શકે છે. નવી રચાયેલી ભાજપની આગેવાની હેઠળની નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સરકાર જુલાઈના ત્રીજા સપ્તાહ સુધીમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંપૂર્ણ બજેટ રજૂ કરે તેવી શક્યતા છે.

# યુપીમાં ભાજપને ડુબાડવામાં ઘરના જ ઘાતકી હોવાના તપાસ અહેવાલોથી ખળભળાટ

લખનૌ, તા.૧૭: ઉત્તર પ્રદેશમાંથી લોકસભાની ચૂંટણીમાં મળેલી કારમી હારને કારણે ભાજપમાં ચાલી રહેલા રાજકીય પંચનામા વધુ તેજ બન્યા છે. સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે યુપીમાં ભાજપની હારનો પ્રાથમિક રિપોર્ટ તૈયાર થઈ ગયો છે. હારના કારણો અંગે પ્રથમ વિભાગ કક્ષાનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. હવે વધુ બે રિપોર્ટ આવ્યા બાદ ત્રણેય રિપોર્ટ મેચ થશે. ૮૦ નેતાઓની વિશેષ ટીમ દ્વારા એક રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. બીજો રિપોર્ટ જે હારેલા ઉમેદવારો દ્વારા યુપી ભાજપ પ્રદેશ અધ્યક્ષને સોંપવામાં આવી રહ્યો છે. આ ત્રણ રિપોર્ટના આધારે મુખ્ય રિપોર્ટ ટોચના નતૃત્વને મોકલવામાં આવશે.

સૂત્રોને ટાંકીને વિભાગીય સ્તરે તૈયાર કરાયેલા પ્રથમ રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે ઉમેદવારો મોદી અને યોગીના નામ પર પોતાને વિજયી માનીને અતિ ઉત્સાહી બની ગયા હતા. બેથી વધુ વખત જીતેલા સાંસદો સામે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. કેટલાક સાંસદોનું વર્તન પણ સારું નહોતું. રાજ્ય સરકારે ત્રણ ડઝન જેટલા સાંસદોની ટિકિટ કેન્સલ કરવા અથવા બદલવાની વાત કરી હતી પરંતુ તેની અવગણના કરવામાં આવી હતી. જો ટિકિટ બદલવામાં આવી હોત તો પરિણામ વધુ સારું હોત.


કેટલાક જિલ્લાઓમાં ધારાસભ્યો પાસે પોતાના સાંસદ ઉમેદવારો નથી. ધારાસભ્યોએ યોગ્ય સમર્થન ન આપ્યું અને પરિણામ હારમાં આવ્યું. ધારાસભ્યો અને સાંસદો વચ્ચે ખુલ્લેઆમ નિવેદનબાજી જોવા મળી હતી. મુઝફ્ફરનગરમાં સંજીવ બાલિયાન અને સંગીત સોમ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. સૂત્રોએ જણાવ્યું કે, બંધારણ બદલવા અને અનામત ખતમ કરવાની વિપક્ષની વાતોનો ભાજપ યોગ્ય જવાબ આપી શકયું નથી. વિપક્ષો પોતાના પક્ષે ભ્રમ ફેલાવવામાં સફળ રહ્યા હતા. આ જ કારણ હતું કે આ વખતે મતદારોની વોટ સ્લીપ બહુ ઓછા ઘરો સુધી પહોંચી.

કામદારોની અવગણના પણ એક મોટો મુદ્દો છે. નિરાશ અને ઉદાસીન કાર્યકરોએ પક્ષને મત આપ્યો પરંતુ અન્ય લોકોને મતદાન કરવા ઘરની બહાર લાવ્યા ન હતા. સંઘ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે પહેલા જેવો સંકલન અને સંવાદ ન હતો.

# યુપીમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત : વધુ ૪૯નાં મોત

લખનૌતા.૧૭ : ઉતરપ્રદેશમાં ગરમી જીવલેણ બની રહી છે. પ્રચંડ લૂ અને તાપથી ઉતરપ્રદેશનું જનજીવન બેહાલ બની ગયું છે. હજુ તો આગામી ત્રણ દિવસ ભીષણ ગરમીનો ક્રમ યથાવત રહી શકે છે. ચોંકાવનારી વિગત એ બહાર આવી છે કે ગઈકાલે યુપીમાં પ્રચંડ ગરમીએ ૪૯થી વધુ લોકોના જીવ લીધા હતા. પ્રાદેશિક હવામાન વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા મુજબ રવિવારે પ્રયાગરાજમાં દિવસનું તાપમાન સૌથી વધુ ૪૭.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાયુ હતું. ગરમીના કારણે સૌથી વધુ ૩૨ લોકોના મોત બુંદેલખંડ અને કાનપુરમાં નોંધાયા હતા. એકલા બુંદેલ ખંડમાં જ ૨૩ લોકોના મોત થયા હતા. જયારે હમીરપુરમાં ૮, ચિત્રકુટમાં ૭, મહોબામાં ૫, ઉરઈમાં ૨, બાંદામાં ૧ ના હીટવેવથી મોત થયા છે. આ ઉપરાંત કાનપુરના ઘાટમપુરમાં અલગ અલગ સ્થળો પર ચાર અને કાનપુર શહેરમાં ચાર લોકોના લૂના કારણે મોત થયા છે.

શ્રી નેમીનાથ એન્ટરપ્રાઈઝ
હિતેષ સી. સંઘવી
મો. ૯૪૨૮૨ ૪૧૩૭૪



મચ્છર થી બચો... કુદરતી હવા મેળવો

આપના ફલેટ કે બંગલામાં ફીટ કરાવસો અને મચ્છર, માખી તથા અન્ય જંતુઓનો પ્રવેશ અટકાવો...

દિગમ્બર દેરાસરની સામે. જગમાલ ચોક, જુનાગઢ.

છેલ્લો દિવસ......
બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી
સ્ટોક કલીયર કરવા સબબ
દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ
વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા
આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં
પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ
ફકત રૂા. ૧૫૦/માં
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



SHALBY MULTI-SPECIALTY HOSPITALS
શેલ્બી હૉસ્પિટલ, અમદાવાદ અને અખિલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના ના સુપ્રિમો શ્રી ગીરીશભાઈ કોટેચા ના માર્ગદર્શન હેઠળ
નિઃશુલ્ક સ્વાસ્થ્ય નિદાન કેમ્પ
સ્વ. (શ્રી જયેશભાઈ વાઘેલાના સ્મર્ણાર્થે વિશેષ આયોજન)
22.06.2024, શનિવાર | સવારે 10.00 થી બપોરે 2.00 સુધી
સ્થળ : શ્યામવાડી, દાતાર રોડ, જૂનાગઢ.
કેમ્પમાં વિશ્વ વિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ. વિક્રમ શાહ ની ટીમમાંથી ઉપસ્થિત રહેનાર ડૉક્ટર્સ
ડો. આશિષ શેઠ – સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન | ડો. રવિ ઢોલરીયા – જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન | ડો. અજીત ગોહિલ – એસોસિએટ આર્થ્રોપ્લાસ્ટી
ડો. નિશિત પટેલ – સ્પાઈન સર્જન (કમર અને કરોડરજ્જુ) | ડો. અનીશ નાગપાલ – પેટ અને મેદસ્વીતાના સર્જન | ડો. કોષા પટેલ – નેફ્રોલોજિસ્ટ (કિડની રોગ નિષ્ણાત) | ડો. રિદ્ધિ પટેલ દવે – ન્યુરો ફિઝિશિયન (મગજના રોગોના નિષ્ણાત) | ડો. મીતાંશુ શર્મા – મેડિકલ ઓન્કોલોજીસ્ટ (કેન્સર) નિષ્ણાત
વધુ માહિતી માટે સંપર્ક : દીપલ રૂપારેલિયા - 9265182669 | જનક તિલાવત - 9537343472 | યતીન કારિયા - 7016990910 | દિવ્યેશ વિઠલાણી - 9723971595 | પંકજ પલાણ - 94269 89633 | ગીરીશ ભાઈ આડતિયા - 94272 29394
(સૌજન્ય - આઈ.સી.શાહ ચેરિટેબલ ટ્રસ્ટ)
મીડિયા પાર્ટનર કેસરી ન્યૂઝ
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : 63579 58976, 706 9001 001
શેલ્બી હૉસ્પિટલ, એસ.જી : કર્ણાવતી કલબની સામે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# મંગળવારે ભીમ અગિયારસ અને વેદમાતા ગાયત્રી જયંતિ

ભીમ અગિયારસ :-

પાંડવોમાં ભીમસેન એક દિવસ પણ ભોજન વગર રહી શકતા નહીં અને એક પણ વ્રત કરી શકતા નહીં આથી ભીમસેન વેદવ્યાસજી ને પોતાની વેદના કહે છે ત્યારે વેદવ્યાસજી કહે છે કે જયારે સૂર્ય વૃષભ રાશિમાં હોય એટલે કે જેઠ સુદ અગિયારસના દિવસે જે કોઈ મનુષ્ય આ દિવસના સૂર્યાદય થી બારસ તિથિના સૂર્યોદય સુધી જલ લીધા વગર આખો દિવસ અને રાત્રી વ્રત કરે છે તે મનુષ્યને આખા વર્ષની એકાદશીનું ફળ મળી જાય છે આમ ભીમસેન આ એકાદશીનું વ્રત કરે છે આથી તેને ભીમ અગિયારસ કહેવામાં આવે છે.

પૂજન વિધી : ભીમ અગિયારશનાં દિવસે આખો દિવસ કાંઈ પણ ભોજન તથા જળ પણ લીધા વગર રહેવાનું હોય છે આથી જ નિર્જળા એકાદશી કહેવાય છે. આમ વ્રત ન કરી શકાય તો ઉપવાસ જરૂર કરવો. સવારનાં વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી સ્નાન કરતી વખતે ગંગા, જમના, સરસ્વતી નદીનાં નામ બોલી સ્નાન કરવું ત્યારબાદ સૂર્યને અર્ધ્ય આપવું. બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેનાં ઉપર ચોખા પધરાવી રાધા-કૃષ્ણ ભગવાનની છબીની સ્થાપના કરવી. ભગવાનને ચંદનનો ચાંદલો, ચોખા વસ, ફુલ, અબીલ, ગુલાલ, કંકુ, ધુપ, દીપ. નૈવેધમાં કેરી ખાસ અર્પણ કરવી, આરતી કરી પ્રાર્થના કરવી કે મારા જીવનમાં કોઈ દિવસ મુસીબત ન આવે. આ બધુ પૂજન કરતી વખતે ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ મંત્રનાં જપ બોલવા. પૂજન પૂર્ણ થયા બાદ એકાદશીની કથા સાંભળવી અને ત્યારબાદ પીપળે પાણી રેડવું અને પ્રદક્ષિણા ફરવી. સાંજનાં સમયે ભગવાનનું કિર્તન કરવું. રાત્રીના જાગરણ કરવું. આમ નિર્જળા એકાદશીનું વ્રત રહેવાથી જીવનમાં કોઈપણ દિવસ મુસીબત આવતી નથી. આમ ભીમ અગિયારશ નુ વ્રત રહેવાથી આખા વર્ષની એકાદશીનું ફળ મળે છે. ભીમ અગિયારશનાં દિવસે ગરીબો અને બ્રાહ્મણોને દાન- દક્ષિણા આપવી ઉત્તમ ફળદાયક છે. તથા આ દિવસે ભગવાન સત્યનારાયણ ભગવાનની કથા કરાવી પણ ઉત્તમ ગણાય છે ભીમ અગિયારસ નું વ્રત રહેવાથી આરોગ્ય સારું રહે છે અને ભાગ્યોદય થાય છે મુસીબતનો સામનો કરવાની શક્તિ મળે છે

મંત્ર જપનું ફળ : ભીમ અગિયારશનાં દિવસે આખા દિવસ દરમ્યાન ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ મંત્રની ૧૧માળા શ્રી કૃષ્ણ ભગવાનની સામે બેસી કરવાથી માનસિક શાંતિ મળે છે અને દુઃખ દૂર થાય છે.

એકાદશીનો બોધઃ દરેક મનુષ્યમાં કોઈને કોઈ ખામી હોય જ છે પરંતુ તે ખામી દુર કરવાનો પુરતો પ્રયત્ન કરવો જોઈએ. જેથી જીવનમાં આગળ વધી શકાય અને મુસીબત આવે નહી. ભીમસેન મા એ ખામી હતી કે, તે ભુખ્યો રહી શકતો નહીં અને એકાદશીનું વ્રત કરી શક્તો નહી પરંતુ નિર્જળા એકાદશીનું પાણી પીધા વગર વ્રત રહી અને આખા વર્ષની એકાદશીનું ફળ મેળવ્યું.

વેદમાતા ગાયત્રી જયંતી :-

તે ઉપરાંત આ દિવસે વેદમાતા ગાયત્રી જયંતિ પણ છે આથી આ દિવસનું મહત્ત્વ વધારે રહેશે બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલ વેદ માતાગાયત્રી ગાયત્રી મંત્રને મહામંત્ર કહેવામાં આવે છે આ દિવસે વેદમાતા ગાયત્રીનું પણ પૂજન કરવું જોઈએ.

માતાજી ગાયત્રી ની ઉત્પતિ બ્રહ્માજીએ કરેલ છે ગાયત્રી મંત્ર ને મહામંત્ર ગણાય છે યોગ્ય વેદ પાઠી ગુરુની સલાહ લઈ અને જ ગાયત્રી મંત્રની સાધના કરવી યોગ્ય ગણાય છે વિશ્વનો સૌથી શ્રેષ્ઠ મંત્ર એટલે ગાયત્રી મંત્ર અને આ મંત્રને કઈ રીતના ઉપાસના કરવાથી તે ફળદાયી બને તે જાણીએ ગાયત્રી મંત્ર . ગાયત્રી સાધના ને સૌથી ઉત્તમ અને ચમત્કારી ફળ આપનારી માનવામાં આવે છે .

આ મંત્ર નિરોગી કાયા આપવાની સાથે યશ, પ્રસિદ્ધિ, ધન અને ઐશ્વર્ય આપનારો છે . ગાયત્રી મંત્રની સાધનાથી અધિક લાભ મેળવવો હોય તો તેના માટે મંત્ર સાધનાની યોગ્ય વિધિ અને પૂજાના સમયનું ધ્યાન રાખવું જરૂરી છે . કારણ કે સરળ અને ત્વરીત ફળદાયી ગાયત્રી સાધના ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે તેને નિયમ પૂર્વક અને બધા જ વિધિ વિધાન સાથે કરવામાં આવે . ગાયત્રી મંત્રના પઠનમાં મન, કર્મ અને વચનની પવિત્રતાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ . ગાયત્રી મંત્ર માટે સવાર નો સમય શ્રેષ્ઠ છે . પરંતુ આ મંત્ર સાંજે પણ કરી શકાય છે . સ્નાન પછી મન અને આચરણ પવિત્ર રાખવું, આ સમયે સ્વચ્છ અને સુતરાઉ કપડાં પહેરવા . ગાયત્રી મંત્રની માળા કરવા બેસો ત્યારે બેલ્ટ મોબાઈલ, પર્સ જેવી વસ્તુઓ સાથે રાખેલી ન હોવી જોઈએ . માળા માટે તુલસી અથવા ચંદનની અથવા તો રુદ્રાક્ષની માળાનો ઉપયોગ કરવો . ગાયત્રી મંત્રની માળા કરવાની હોય ત્યારે સાત્વિક ભોજન કરવું . બપોરના સમયે આરામ કરવો નહીં ઉપવાસ અથવા એકટાણું રહેવું

- શાસ્ત્રી રાજદીપ જોષી વેદાંત રત્ન

# દ્વારકા નજીકના દરિયાકાંઠેથી વધુ ૬૯ કિલો ચરસના પેકેટ મળી આવ્યાઃ પોલીસ દ્વારા ગ્રામ વિઝીટ ઝુંબેશ






## વધુ ત્રણ સ્થળોએથી રૂા. ૩૪.૩૬ કરોડનો મુદ્દામાલ કબજેઃ પોલીસ તંત્ર દ્વારા તપાસ જારી

જામ ખંભાળિયા, તા. ૧૭

દ્વારકા નજીકના દરિયાકાંઠેથી ગત શુક્રવાર તા. ૭ના રોજ રૂ. ૧૬ કરોડથી વધુની કિંમતના ૩૨ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા બાદ ચાર દિવસમાં વધુ ૨૧ પેકેટ ચરસનો જથ્થો બિન વારસુ મળી આવ્યો હતો. આ વચ્ચે શનિવારે પણ જુદા જુદા ત્રણ સ્થળોએથી આશરે ૬૪ જેટલા પેકેટ મળી આવતા ભારે ચર્ચા જાગી છે.

છેલ્લા આશરે દસેક દિવસથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દ્વારકા વિસ્તારના દરિયાકાંઠામાં સઘન પેટ્રોલિંગ, ચેકિંગ તેમજ સર્ચ ઓપરેશન જારી રાખવામાં આવ્યું છે. આ વચ્ચે જિલ્લા પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકા તાબેના વાંચ્છું અને ગોરીંજા ગામ વિસ્તારમાં આવેલા દરિયા કિનારા પાસે ચરસનો મોટી માત્રામાં જથ્થો પોલીસને સાંપળ્યો છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આશરે ૬૪ પેકેટનો આ જથ્થો વાંચ્છું, ગોરીંજા અને ચંદ્રભાગા દરિયાકાંઠા વિસ્તારમાં બિનવારસુ હાલતમાં પડ્યો હતો. જેનો કબજો પોલીસે મેળવ્યો છે. જુદા જુદા ત્રણ સ્થળોએથી ઝડપાયેલા ૬૪.૭૨૭ કિલોગ્રામના આ હાઈ ક્વોલિટીના ચરસની કિંમત રૂ. ૩૪.૩૭ કરોડ જેટલી અંદાજવામાં આવી રહી છે. આમ, છેલ્લા દસ દિવસ દરમિયાન બિનવારસુ રીતે મળી આવેલા ચરસના આશરે ૧૧૫ જેટલા પેકેટની કિંમત અંદાજિત રૂપિયા ૬૧,૮૬,૩૫,૦૦૦ સુધી થવા જાય છે.

શનિવારે દેવભૂમિ દ્વારકા પોલીસને સાંપળેલા કરોડો રૂપિયાની કિંમતના નશાકારક પદાર્થની ફોરેન્સિક તપાસ તેમજ વજન સહિત વિવિધ બાબતે ચકાસણી કરવામાં આવી હતી. અંગે પોલીસ દ્વારા વિગતો આપવામાં આવી હતી.

આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ એસ.ઓ.જી., એલ.સી.બી. તેમજ મીઠાપુર પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં કામગીરી કરવામાં આવી રહી છે. દેવભૂમિમાંથી સાંપડેલી આ વિશાળ માત્રામાં કરોડો રૂપિયાની કિંમતના ચરસનો જથ્થો અસામાજિક તત્વો દ્વારા સંભવતઃ પોલીસ પેટ્રોલિંગમાં પકડાઈ જવાના ડરથી બિનવારસુ છોડી દેવામાં આવ્યો હોવાની પણ આશંકા વ્યકત કરાઈ રહી છે. ત્યારે દેવભૂમિ દ્વારકા તેમજ કચ્છના દરિયાકાંઠે પણ મળી આવતા વ્યાપક પ્રમાણમાં ડ્રગ્સ (ચરસ)ના આ જથ્થા સંદર્ભે પોલીસ તંત્રમાં પણ દોડધામ સાથે સ્થાનિકોમાં ભારે ચર્ચા મચી જવા પામી છે. જે અંગે પોલીસ દ્વારા દરિયાઈ વિસ્તારમાં ડ્રોન પેટ્રોલિંગ તેમજ સર્વેલન્સ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ - તજવીજ હાથ ધરાઈ છે.

આટલું જ નહીં, પોલીસ દ્વારા ઓખા મંડળના દરિયા કાંઠા વિસ્તારમાં જુદા જુદા ગામોની વિઝીટ કરી અને આ અંગે ગ્રામજનોને માહિતગાર પણ કરવામાં આવ્યા હતા.

# આજ અને આવતીકાલ માર્કેટીંગ યાર્ડ બંધ રહેશે

જૂનાગઢ તા. ૧૭

આજે બકરી ઈદ અને આવતીકાલે ભીમ અગીયારસને કારણે જૂનાગઢ માર્કેટીસંગ યાર્ડ આજ અને આવતીકાલ એમ ૧૭ અને ૧૮ જુનનાં રોજ બંધ રહેશે. પરંતુ જણસીની આવક શરૂ રહેશે. તેમજ ૧૯ જુનથી રાબેતા મુજબ તમામ કાર્ય શરૂ થઈ જશે.

માર્કેટીંગ યાર્ડનાં સેક્રેટરી દિવ્યેશ ગજેરાએ જણાવ્યું હતું કે આજ અને આવતીકાલ તહેવારોને લઈને બે દિવસ માર્કેટીંગ યાર્ડમાં જણસીની હરરાજી બંધ રહેનાર છે. આમ આજ અને આવતીકાલ માત્ર હરરાજી જ બંધ રહેનાર છે. પરંતુ તમામ જણસીની આવક રાબેતા મુજબ શરૂ રહેશે જેની ખેડૂતોએ નોંધ લેવા જણાવાયું છે.

## ભેંસાણ નજીક બસ હડફેટે ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

દેરડી ધારનાં વિજયભાઈ મોહનભાઈ માંગરોળીયા (ઉ.વ. ૨૭) જેતપુર જવા નીકળેલ હતાં ત્યારે ભેંસાણ ચણાકા રોડ પર એસટી બસનાં ચાલકે બસ બેફીકરાઈથી ચલાવી ફરીયાદીની મોટર સાયકલ સાથે ભટકાવતા ફ્રેકચર થયાની ફરીયાદ ભેંસાણ પોલીસમાં નોંધાવી છે.

## મેંદપરામાં મહીલાને અવાર નવાર ફોન કરતાં માર માર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

ભેંસાણ તાલુકાનાં મેંદપરા ગામે રહેતા સુરેશભાઈ નાનજીભાઈ સોલંકીએ સાગર છોટુભાઈ બખતરીયા, અર્જુન છોટુભાઈ બખતરીયા સામે ભેંસાણ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧નાએ ફરીયાદીનાં ભાભીને અવાર નવાર ફોન કરતા હોય જે બાબતનું મનદુઃખ રાખી આરોપીએ ભુંડી ગાળો બોલી શરીરે આડેધડ લાકડી મારી માથામાં ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ભેંસાણ પોલીસમાં નોંધાવેલ છે.


# વિસાવદર કોર્ટમાં ૨૨મી જુને ભવ્ય લોક અદાલત યોજાશે

વિસાવદર તા. ૧૭

રાષ્ટ્રીય કાનૂની સેવા સમિતિની માર્ગદર્શિકા મુજબ વિસાવદરની ત્રણેય કોર્ટ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં તા.૨૨/૦૬/૨૪ને શનિવારના રોજ ભવ્ય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં પી.જી.વી.સી. એલ.કંપનીના વીજ બીલના તમામ પ્રકારના દાવાઓ તથા કોર્ટના હુકમ બાદ કોર્ટમાં કરવામાં આવેલી રકમ વસુલ કરવાની દરખાસ્તો તથા પાવરચોરીનું બિલ હોય તેવા ગ્રાહકોને વર્તમાન પી.જી.વી.સી.એલ. કંપનીની થ્રિ ટાયર સ્કીમ મુજબ રકમ ભરી ૨૦% કે વધુમાં વધુ રૂપિયા ૨૦,૦૦૦/- તે બન્ને માંથી જે ઓછું થતું હશે તેનો લાભ આપવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે તેમજ વીજ કંપનીના રકમ ભરવાના જુના કેસોમાં વ્યાજ,કોર્ટ ફી,વકીલ ફી માફ કરી આપવામાં આવનાર છે, બેંકોના લેણા અંગેના દાવાઓ અને દરખાસ્તોમાં તથા પક્ષકારો વચ્ચેના દીવાની દાવાઓ તથા ફોજદારી કબૂલાત પાત્ર કેસો અને પારિવારિક તકરારોને લગતી અરજીઓમાં પણ બંને પક્ષને યોગ્ય લાભ મળે અને તકરારનો સુખદ ઉકેલ લાવવામાં આવે તે માટે વિસાવદર તાલુકા કાનૂની સેવા સમિતિના ચેરમેન અને મુખ્ય સિવિલ જજ શ્રી એસ.એસ.ત્રિવેદી સાહેબ દ્વારા છેલ્લા બે મહિનાથી આ અંગે પી.જી.વી.સી.એલ.ના બંને સબ ડીવીઝનના નાયબ ઈજનેરશ્રીઓ, બેંકોના મેનેજરશ્રીઓ, વકીલ મંડળ તથા પોલીસ વિભાગ સાથે મિટિંગો યોજી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે તથા અધિક જિલ્લા ન્યાયાધીશ શ્રી જે.એલ.શ્રીમાળી સાહેબ તથા ફેમિલી જજ શ્રી પી.વી.શ્રીવાસ્તવ સાહેબ દ્વારા પણ જરૂરી માર્ગદર્શન આપી લોક અદાલતને સફળ બનાવવા માટે પ્રયત્નો થઈ રહેલ છે. ત્રણેય કોર્ટના સ્ટાફ તથા વિસાવદર બારના તમામ વકીલશ્રીઓ દ્વારા પણ અગાઉથી લોક અદાલતમાં મુકવા લાયક કેસો અંગે આગોતરું આયોજન કરી જે પક્ષકારો પોતાનો કેસ આગામી લોક અદાલતમાં રાખવા કે મુકવા માંગતા હોય તેવા પક્ષકારોને પોતાનો કેસ લોક અદાલતમાં રાખવા અંગેની જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી રહેલ છે. બેંકો,તથા પી.જી.વી. સી.એલ. કંપનીની કચેરીએ તથા પોલીસ કેસોમાં સમાધાન તથા કબુલાત માટેના કેસો માટે તથા પારિવારિક તકરારના કેસો,ભરણપોષણના કેસો,ઘરેલુ હિંસાના કેસો આ ઉપરાંત પતિ પત્ની વચ્ચે ચાલતા તમામ પ્રકારના કેસો, છૂટાછેડા, લગ્ન હક્ક પુરા કરવાના અને જ્યુડિશિયલ સેપ્રેશનના કેસો ઉપરાંત બાળકની કસ્ટડીના કેસો જેમાં વિસાવદર ફેમિલી કોર્ટમાં ચાલતા ભેસાણ, તથા મેંદરડા કોર્ટના કેસો સહિતના કેસોમાં સમાધાન કરી ઉકેલ લાવવા માટે જે તે કચેરીઓનો સંપર્ક કરવા અને વિકલ્પે તાલુકા કાનૂની સેવા સમિતિ, વિસાવદરના સેક્રેટરીશ્રી ચંદુભાઈ ભટ્ટીનો કોર્ટના સમય દરમિયાન સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# માણાવદર પાલિકાના પ્રિમોન્સુન કામગીરીમાં ૬.૭૫ લાખનો કોન્ટ્રાકટ છતાં ગટરો સફાઈની ધારાસભ્યને રજુઆત





માણાદર તા. ૧૭

માણાવદર નગરપાલિકા દ્વારા ચોમાસાની શરૂઆત થઈ ત્યારે જ હવે કોન્ટ્રાકટની કામગીરી કરી રૂા. ૬.૭૫ લાખની જંગી રકમથી કોન્ટ્રાકટ અપાયો જેમાં ૧૬ ગટરો, પેટા ગટરોની સફાઈ કરવાનું કહેવાયું. પ્રિ-મોન્સુન કામગીરી ચોમાસુ ચાલુ થઈ ચુકયુ છે ત્યારે પ્રજાજનોની ધારાસભ્યને ઠેરઠેર ગટરો ગંદકીથી ખદબદતી હોવાની સફાળ પુરતી થતી ન હોવાની ફરીયાદ થઈ છે. જંગી રકમોથી સફાઈમાં અનેક ગટરો - વિસ્તારોનો સમાવેશ નહી થયો હોવાની પણ વ્યાપક ફરીયાદો છે ત્યારે વહીવટદાર સામે શંકા ઉપજાવે તેવી કામગીરી ઉચ્ચકક્ષાની તપાસ કરવા લોક માંગ ઉઠવા પામી છે. પહેલા ૨૭ ગટરો સફાઈ કરાતી સાથે પેટાગટરો પણ હતી નવા કોન્ટ્રાકટમાં માત્ર ૧૬ પેટાગટરોનો કોન્ટ્રાકટ છે ત્યારે બાકીની ગટરો કયાં ગાયબ કરી દીધી. લોક મુકખે વહીવટદાર જાદુગર હોય તેવી ચર્ચા થઈ રહી છે. જે કામગીરી બે મહિના પહેલા થવી જોઈએ તે ચોમાસાની શરૂઆતના સમયે થાય છે આથી લોટ પાણીને લાકડા જેવસ સ્થિતિ જોવા મળે છે. નગરજનોએ ઉચ્ચકક્ષાએ તપાસની માંગ કરી છે. આ બાબતે ધારાસભ્યએ તાકીદે ઘટતુ કરવા લોકોએ માંગ કરી છે.

## વંથલી : પરીણીતાને ત્રાસ આપવા અંગે સાસરીયા સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

માંગરોળનાં અન્હાબેન કાસમભાઈ વાજાએ તેનાં પતી સુફીયાનભાઈ ઝાગા, સસરા હુસેનભાઈ ઝાગા સાસુ ફાતમાબેન ઝાગા, જેઠ અબ્દુલભાઈ ઝાગા, નણંદ રાબીયાબેન ચુડલી સામે વગર વાંકે ઘરનાં કામકાજમાં મેણાટોણા મારી માનસીક દુઃખ ત્રાસ આપ્યાની વંથલી પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

## ઉના : મોબાઈલ મુળ માલીકને પરત સોંપ્યો



ઊના તા. ૧૭


ઊના શહેર અને તાલુકા મા છેલ્લા ઘણા દિવસોથી દસ થી વધુ લોકો ના કોઈ પણ કારણ સર કીમતી મોબાઈલ ફોન ગુમ થયેલા અને પડી ગયા ખોવાઈ ગયા ની લેખિત અરજી પોલીસ સ્ટેશન મા આવેલ અને ઊના પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ એન રાણા ના માર્ગ દર્શન હેઠળ પી એસ. આઈ. એચ એલ. જેબલિયા અને એ.એસ. આઈ. વાઘેલા જગદીશભાઈ લઘરાભાઈ પોલીસ કોન્સ્ટેબલ સુનિલભાઈ કેશવભાઈ બાંભણિયા એ વિવિધ સોર્શ અને અધધતન ટેકનોલોજી નો ઉપયોગ કરી કુલ ૧૦ નગ સ્માર્ટ અને એન્ડ્રોઈડ મોબાઈલ ફોન રુપિયા ૨લાખ ૪૯૯૫૭/ ની કિંમત ના શોધી મૂળ માલિકો ને શોધી ખરાઈ કરી પરત આપી સુંદર કામગીરી કરી હતી. પ્રજા એ પોલીસ ની કામગીરી બિરદાવી હતી.

## ઘોઘલા દેલવાડા રોડ પરથી વિદેશી દારૂ ઝડપાયો

ઉના તા. ૧૭

ઘોઘલા દેલવાડા રોડ ઉપર પોલીસે વિજય રાજાભાઈ બારીયા ૨, મહેશ શંકર ભાઈ મકવાણાને ઇંગ્લિશ દારૂની બોટલો નગ ૮૨અને બિયર ટીન ૧૨રૂપિયા ૨૬૪૦૦/મોટર સાયકલ અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૬૯૪૦૦/ના મુદામાલ સાથે પકડી પાડેલ છે.

## ગામની સમૃધ્ધિનો માર્ગ પ્રાકૃતિક ખેતી અને દેશી



કુકસવાડા તા. ૧૭

તા. ૧૫-૦૬-૨૦૨૪ ને શનિવાર ના દિવસે જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના કુકસવાડા ગામે હીરાભાઈ પંડિતના ગૌ કૃપા પ્રાકૃતિક ફાર્મ ઉપર ગૌ આધારીત પ્રાકૃતિક કૃષિ નું પ્રેક્ટિકલ પ્રશિક્ષણ એચડીએફસી બેંક અંબુજા ફાઉન્ડેશન ક્લાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ માંગરોળ દ્વારા પ્રેક્ટિકલ બીજામૃત જીવામૃત ઘનજીવામૃત આચ્છાદાન વાપસા મિશ્ર પાકપધ્ધતિ નો પ્રશિક્ષણ આપવામાં આવ્યું તેમ ઉપસ્થિત જુનાગઢ જિલ્લા સયોજક લખુભાઈ સિસોદિયા, તાલુકા સહ સયોજક ભીખુભાઈ સિંધવ તેમજ માંગરોળ તાલુકાના સહ સયોજક સંજયભાઈ સોલંકી તેમજ આજુ બાજુના પ્રગતિશીલ ધરતી પુત્રો હાજર રહ્યા હતાં.

## ગાંધીનગર ખાતે વિશ્વ વૃધ્ધ દુર્વયવહાર જાગૃકતા દિવસની ઉજવણી

ગાંધીનગર તા. ૧૭

ઈન્ટરનેશનલ નેટવર્ક ફોર પ્રીવેન્શન ઓફ એલ્ડર એબ્યુઝએ ગત તા. ૧૫નાં રોજ ૨૦૦૬થી વૃધ્ધ સાથેના દુર્વ્યવહારને નાબુલ કરવા માટે આ દિવસને વિશ્વ દિવસ તરીકે જાહેર કરેલ છે. જીલ્લા કાનુની સેવા સતા મંડળ ગાંધીનગર હેઠળ માનદ સેવાઓ આપતા સામાજીક કાર્યકર અને પારા લીગલ વોલ્યુન્ટીયર અનીલ કક્કડ અને ખીમજીભાઈ પરમારના સંયુકત પ્રયાસો થકી સિનિયર સીટીઝન સાથે થતા દુર્વ્યવહાર બાબતે લોકોને શિક્ષિત કરવાના હેતુથી અને વયસ્ક નાગરીકોમાં જાગૃકતા લાવવાના હેતુથી ગાંધીનગર ખાતે સેકટર-૨ના સરકારી ગાર્ડન ખાતે તા. ૧૪-૬-૨૦૨૪ના રોજ એક જાહેર કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો.

આ પ્રસંગે અનિલ કક્કડના મતે વૃધ્ધો સાથે દુર્વ્યવહાર ઘણી પ્રકારનાં હોય છે જેમાં પારીવારીક સભ્યો અને અન્ય નાગરીકો દ્વારા શારીરિક, મૌખિક, યૌન, નાણાંકીય અને ઉપેક્ષા કરવી જેવા ગેરવર્તનનો સમાવેશ થાય છે. જે માટે વયસ્ક નાથરીકોએ શારીરિક ક્ષમતા જાળવવાની સાથે વૈશ્વિક પરિવર્તનનાં પરીણામો વીકસીત દેશોમાં નવા આર્થિક સુધારાઓ સામે આકાર લેવા પામેલ હાલના પડકારોને પહોંચી વળવા સુસજજ બનવું જરૂરી છે.

CMYK

### ૩ વર્ષથી ૧૫ વર્ષ સુધીના બાળકોના બૌધીક તથા માનસીક વિકાસ માટે

# શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ શાખા દ્વારા ચેસ કોચીંગ કેમ્પ યોજાયો

### ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા



જૂનાગઢ, તા.૧૭

શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ શાખા, જોષીપુરા શાખા, તથા ટીબાવાડી શાખા દ્વારા આજના સમયમાં નાના બાળકોમાં મોબાઈલના વધારે પડતા વપરાશથી તેમનો માનસીક વિકાસ રૂધાંતો અટકે તે માટે વેકેશનમાં ૩ વર્ષથી ૧૫ વર્ષ સુધીના બાળકોના બૌધીક તથા માનસીક વિકાસ માટે તા.૩/૬/૨૦૨૪થી ૧૩/૬/૨૦૨૪ સુધી ચેસ કોચીંગ કેમ્પનું આયોજન કરેલ હતું જેમાં મોટી સંખ્યામા બાળકોએ ભાગ લીધો હતો. આ ચેસ કોચીંગ કેમ્પનો સમાપન કાર્યક્રમ તા. ૧૩/૬/૨૪ના રોજ કેશવ ક્રેડીટની જૂનાગઢ શાખામાં રાખેલ હતો. સમાપન કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે જીલ્લા શૈક્ષણી, સંઘના અધ્યક્ષ સુરેશભાઈ ખુમાણ, ચેસ કોચીંગ કેમ્પના કોચ હિતેશભાઈ વડોયા, સંસ્થાના જોઈન્ટ એમ.ડી. ચિમનભાઈ ડોબરિયા, જૂનાગઢ શાખાના પ્રભારી ડીરેકટર બિપીનભાઈ મશરૂ, ડીરેકટર ભીખુભાઈ પાંભર તથા જૂનાગઢ શાખાના સંયોજક કિરીટભાઈ રૂપારેલીયા ઉપસ્થીત રહયા હતા અને કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું.

### રાજ્યના યુવક-યુવતીઓ માટે ઉમદાતક

# માઉન્ટ આબુ ખાતે યોજાનાર શિખર આરોહણ અભિયાનમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો ૨૭ જુન, ૨૦૨૪ સુધી અરજી કરી શકશે

### રાજ્યના ૧૮ થી ૪૫ વર્ષના વયજુથ ધરાવતા તાલીમાર્થીઓ અભિયાનમાં જોડાઈ શકશે

ગાંધીનગર, તા.૧૭

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર હસ્તક કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલિમ સંસ્થા,સાધના ભવન માઉન્ટ આબુ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઑગસ્ટ-૨૦૨૪માં નિઃશુલ્ક શિખર આરોહણ અભિયાનનું આયોજન થનાર છે. જેમાં રાજ્યના ઈચ્છુક ૧૮ થી ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ અરજી કરી શકશે. તેમ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની યાદીમાં જણાવાયુ છે. યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, શિખર આરોહણમાં જોડાવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ નિયત અરજી પત્રક માં અરજી કરવાની રહેશે. (નિયત અરજી પત્રક સંસ્થાના ફેસબુક પેજઃ- **svim administration** પરથી મેળવી શકાશે). જેમાં પોતાનું પુરૂ નામ, સરનામું, ટેલિફોન નંબર, જન્મતારીખ, ઈ-મેઈલ એડ્રેસ, શૈક્ષણિક લાયકાત (ધોરણ -૧૨ પાસનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ) વગેરે દર્શાવવાનું રહેશે. તદઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતી, જન્મ અને રહેઠાણનો પુરાવો, ખડક ચઢાણનો કોચિંગ કોર્ષ સફળતા પૂર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર, હિમાલય ભ્રમણ કાર્યક્રમમાં ભાગ લીધા અંગેનું પ્રમાણપત્ર, બરફના બેઝિક, એડવાન્સ, **S&R** તથા **M.O.I** કોર્ષનુ પ્રમાણપત્ર (ઓછામાં ઓછો બરફનો બેઝિક કોર્ષ હોવો આવશ્યક છે.) રવધુમાં માઉન્ટ આબુ/જુનાગઢ ખાતે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેના પ્રમાણપત્રો જોડવાના રહેશે. સંપુર્ણ વિગતો સાથેની અરજી આચાર્યશ્રી, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, ગૌમુખ રોડ, માઉન્ટ આબુ-૩૦૭૫૦૧ ને સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં મળી જાય તેરીતે મોકલી આપવાની રહેશે. તથા શારીરિક ક્ષમતા કસોટી માટે ઉમેદવારને બોલાવવામાં આવે ત્યારે સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે. શારીરિક ક્ષમતા કસોટી અંદાજીત ૦૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારોની લાયકાત, ગુણવત્તા તથા શારીરિક ક્ષમતા કસોટીના આધારે પસંદગી કરાશે. પસંદગી પામેલ ઉમેદવારોને શિખર આરોહણ સમયે તેમના વતનથી માઉન્ટ આબુ સુધી આવવા-જવાના પ્રવાસ ખર્ચ, ભોજન ખર્ચ આપવામાં આવશે જ્યારે નિવાસ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે. અન્ય વ્યક્તિગત સાધન સામગ્રીની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. પસંદગી પામેલ ઉમેદવારને ઈ-મેઈલ દ્વારા જાણ કરાશે તેમ કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની યાદીમાં જણાવાયુ છે.

# જૂનાગઢ શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિની બેઠક યોજાઈ : રથયાત્રા અંગે વિવિધ ચર્ચા



જૂનાગઢ, તા.૧૭ : જૂનાગઢ ખાતે દર સાલ મુજબ ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા આ ૨૦મી રથ યાત્રાની મિટિંગ ભીડ ભંજન મંદિર ખાતે રથ યાત્રાનાં પ્રમુખશ્ર તેમજ મોટાપીરબાવા તનશુખગિરીબાપુનાં સાનિધ્યમાં યોજવામાં આવેલ હતી જેમાં વિવિધ મંડળોનાં પ્રમુખો, વાણંદ સમાજનાં આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ શ્રી જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિનાં હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા અને રથયાત્રા અંગેની વિવિધ ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

### ડ્રગ્સની હેરાફેરીના કિસ્સાઓ વધી રહ્યાં છે

# દ્વારકાના દરિયાકાંઠેથી ૨૦ કરોડની કિંમતના ચરસના ૪૦ પેકેટ મળ્યા

### એક સપ્તાહ દરમિયાન ચરસના આશરે ૧૦૦ જેટલા પેકેટ ડી આવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા,તા.૧૭

ગુજરાતના દરિયા કિનારાથી ડ્રગ્સની હેરાફેરીના કિસ્સાઓ વધી રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં દ્વારકા નજીકના દરિયાકાંઠેથી ૨૦ કરોડની કિંમતના ચરસના ૪૦ પેકેટ મળ્યા છે. ગત શુક્રવારે ૧૬ કરોડથી વધુની કિંમતના ૩૨ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા હતાં. ત્યાર બાદ ચાર દિવસમાં વધુ ૨૧ પેકેટ ચરસનો જથ્થો બિનવારસુ મળી આવ્યો હતો. સતત ઝડપાઈ રહેલા ડ્રગ્સના જથ્થાને લઈને પોલીસે સર્ચ ઓપરેશન વધુ તેજ કરી દીધું છે. એકાદ સપ્તાહથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દ્વારકા વિસ્તારના ?દરિયાકાંઠામાં સઘન પેટ્રોલિંગ, ચેકિંગ તેમજ સર્ચ ઓપરેશન જારી રાખવામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા રૂપેણ બંદર તથા વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી ચરસના ૩૦ પેકેટનો જથ્થો બિનવારસુ હાલતમાં મળી આવ્યો હતો. જેનું કુલ વજન ૩૨.૦૫૩ કિલો હતું અને તેની કુલ કિંમત ૧૬.૬૫ કરોડ જેટલી થાય છે. ત્યાર બાદ ફરી દ્વારકાના દરિયાકાંઠેથી ૧૬.૦૩ કરોડની કિંમતનો ૩૨ કિલો ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આજે ફરી દ્વારકાના વાંચ્છું ગામ વિસ્તારમાં આવેલા દરિયાકિનારા પાસે ચરસનો જથ્થો પોલીસના હાથે લાગ્યો હતો. આશરે ૪૦ પેકેટનો આ જથ્થો દરિયાકાંઠા વિસ્તારમાં બિનવારસી હાલતમાં




પડ્યો હતો જેનો કબજો પોલીસે મેળવ્યો હતો.

છેલ્લા એક સપ્તાહ દરમિયાન મળી આવેલા ચરસના આશરે ૧૦૦ જેટલા પેકેટની કિંમત ૫૦ કરોડ સુધી થવા જાય છે. આજે દેવભૂમિ દ્વારકા પોલીસને મળેલા આશરે વીસેક કરોડની કિંમતના નશાકારક પદાર્થની ફોરેન્સિક તપાસ તેમજ વજન સહિત વિવિધ બાબતે ચકાસણી ચાલી રહી છે. જેની બીજી સત્તાવાર વિગતો આજે સાંજ સુધીમાં પોલીસ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવશે. આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ એસ.ઓ.જી., એલ.સી.બી. તેમજ મીઠાપુર પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા હજુ પણ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ઈન્ચાર્જ કલેકટર નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

### પ્રજાલક્ષી પ્રશ્નોનો સત્વરે નિરાકણ લાવવા સૂચના આપવામાં આવી



જૂનાગઢ, તા.૧૭

ઈન્ચાર્જ કલેકટર નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે મળેલી આ બેઠકમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા અને અરવિંદ લાડાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જમીન માપણી,પેશકદમી, વિકાસલક્ષી કામો સહિતના પ્રજાલક્ષી પ્રશ્નો રજૂ કર્યા હતા.

આ સંદર્ભે સંબંધિત અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા. ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી કલેકટરશ્રીએ જુદા જુદા પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી, નાયબવનસંરક્ષક ગીર પશ્ચિમ પ્રશાંત તોમર,નાયબ વન સંરક્ષક જૂનાગઢ વિભાગ અક્ષયજોશી, પ્રાંત અધિકારીઓ, મામલતદાર તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી નીમુબેન બાંભણીયાએ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી



સાળંગપુર, તા.૧૭

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તા.૧૫-૬-૨૦૨૪ને શનિવારના રોજ કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી નીમુબેન બાંભણીયાએ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દર્શન કર્યા હતા.

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમેમાં મંદિરના પટાંગણમાં આવેલ હરિ મંદિરમાં કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી માર્ગદર્શનથી સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મંત્રીનીમુબેન બાંભણીયાએ હાજરીઆપી હતી. મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### કચ્છના નાના રણમાં વસતા ઘુડખરોની વ્હારે આવ્યો ગુજરાત વન વિભાગ

# ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ઘુડખર અભયારણ્યમાં વસતા વન્ય પ્રાણીઓ માટે પાણીની સુવિધા પૂરી પાડવા આશરે ૫૦ જેટલા જળકુંડ બનાવાયા

### વનકર્મીઓ દ્વારા દરરોજ સવાર-સાંજ તમામ જળકુંડમાં પાણી ભરવાની થઈ રહી છે સરાહનીય કામગીરી

ગાંધીનગર, તા.૧૭

ગરમીના પ્રમાણમાં દર વર્ષે થઈ રહેલા વધારા અને હીટવેવના કારણે સમગ્ર માનવ-પશુ જીવન પ્રભાવિત થઈ રહ્યું છે. ઉનાળાની આ કાળઝાળ ગરમી અને એમાં પણ હીટવેવમાં આપણે કેવા વિહવળ થઈ જઈએ છીએ ? ત્યારે વિચારો કે, આ સ્થિતિમાં વન્ય જીવોનું શું થતું હશે ? પરંતુ ગુજરાત સરકારનો વન વિભાગ આવા અબોલ વન્ય જીવોની વ્હારે આવ્યો છે. રાજ્યમાં આવેલી કોઈપણ વિપરીત પરિસ્થિતિઓ દરમિયાન વન્ય જીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ-વન કર્મીઓ હરહંમેશ ખડેપગે રહ્યા છે. આ કાળઝાળ ગરમીમાં પણ વન વિભાગે વન્ય પ્રાણીઓની સાચા અર્થમાં ચિંતા કરી છે.

વાત છે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ઘુડખર અભયારણ્યની. કચ્છના નાના રણમાં અને આશરે ૪,૯૫૪ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા ઘુડખર અભયારણ્યમાં ઉનાળા દરમિયાન શુષ્ક આબોહવાના પરિણામે ગરમીનું મહત્તમ તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતું હોય છે. આ અભયારણ્યમાં આશરે ૬,૦૦૦થી વધારે ઘુડખર વસવાટ કરે છે. ઉનાળાની ગરમી દરમિયાન અહીં પીવાના પાણીની સમસ્યા વિકરાળ બને છે. આવા સમયે વન વિભાગ દ્વારા અભયારણ્યમાં વિવિધ સ્થળોએ પાણીના જળકુંડની ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

પર્યાવરણીય વિવિધતા ધરાવતા આ અભયારણ્યમાં ઘુડખર ઉપરાંત નીલગાય, વરૂ, શિયાળ, જરખ, સસલાં સહિત જુદા-જુદા પક્ષીઓ પણ વસવાટ



કરે છે. અભયારણ્યમાં વસતા આ વન્ય પ્રાણીઓની પ્રાણ સલામતી માટે વન વિભાગ દ્વારા વિવિધ સ્થળોએ આશરે ૫૦ જેટલા જળકુંડ બનાવવામાં આવ્યા છે અને તેને વન કર્મીઓ દ્વારા નિયમિત રીતે દિવસમાં બે વાર પાણીથી ભરવામાં આવે છે. રણમાં ૪ થી ૫ કીલો મીટરના અંતરે તેમજ રણ આસપાસના બજાણા, ખારાઘોડા, દહેગામ, પીપળી, અખીયાણા, ઝીંઝુવાડા, વચ્છરાજપુરા, અમરાપુર, ભીમકા, ઓડુ જેવા ગ્રામીણ વિસ્તારના રણકાંઠે પણ પાણીના પોઈન્ટ બનાવવામાં આવ્યા છે.

દરરોજ આ જળકુંડમાં પાણી ભરવા જતા વન વિભાગના વન સંરક્ષકના જણાવ્યાનુસાર કેટલીક જગ્યાએ પાણીના હોજ અને અવેડા પણ તૈયાર કરાયા છે. રણમાં આવેલા આ પાણીના પોઈન્ટ પર રોજ સવાર-સાંજ અનેક વન્ય પ્રાણીઓ પોતાની તરસ છીપાવવા આવતા હોય છે. ૫૦ ડિગ્રી તાપમાનમાં વન્ય પ્રાણીઓને પાણી જેવી જરૂરી સુવિધા પૂરી પાડીને ગુજરાતનો વન વિભાગ જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પડી રહ્યો છે. માત્ર કચ્છના નાના રણમાં જ નહિ, ગુજરાતના અન્ય અભયારણ્યો ખાતે પણ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ માટે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

# ટ્રાફિક નિયમોનો ભંગ કરનારના લાઈસન્સ રદ થશે

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હી હાઈકોર્ટે આજે શનિવારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલને કોર્ટની કાર્યવાહીનો વીડિયો હટાવવાનો નિર્દેશ આપ્યો છે. આ વીડિયો તે સમયનો છે જ્યારે કેજરીવાલની **ED** દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને તેમણે વ્યક્તિગત રીતે કોર્ટમાં પોતાનો કેસ રજૂ કર્યો હતો. કોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને વીડિયો સંબંધિત પોસ્ટને દૂર કરવા પણ કહ્યું છે. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણા અને અમિત શર્માની બેંચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ **X, Facebook, Instagram** અને **YouTube**ને જ્યારે પણ આ પ્રકારની સામગ્રી તેમના ધ્યાન પર આવે ત્યારે તેને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે અન્ય સોશિયલ મીડિયા હેન્ડલ્સને પણ વીડિયો હટાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આ કેસમાં સુનીતા કેજરીવાલ અને અન્ય પાંચ લોકોને તેમના પદો હટાવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટ હવે આ કેસની સુનાવણી ૯ જુલાઈએ કરશે. દિલ્હીના કથિત શરાબ કૌભાંડમાં ઈઢ દ્વારા ધરપકડ કર્યા બાદ તેમને બીજી વખત ૨૮ માર્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. એડવોકેટ વૈભવ સિંહે દલીલ કરી હતી કે, આ કેસની સુનાવણી આમ આદમી પાર્ટી અને અન્ય વિરોધ પક્ષો સાથે સંકળાયેલા કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સ દ્વારા વીડિયો અને ઑડિયોમાં રેકોર્ડ કરવામાં આવી હતી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરવામાં આવી હતી. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલે પણ એક વપરાશકર્તા દ્વારા રેકોર્ડ કરાયેલ ઓડિયો અને વિઝ્યુઅલ ફરીથી પોસ્ટ કર્યો છે. વૈભવ સિંહે કહ્યું કે, દિલ્હી હાઈકોર્ટના વીડિયો કોન્ફરન્સિંગ રૂલ્સ ૨૦૨૧ હેઠળ કોર્ટની કાર્યવાહીના રેકોર્ડિંગ પર પ્રતિબંધ છે અને આ વીડિયોને વાયરલ કરવો એ ન્યાયતંત્ર અને ન્યાયાધીશોની છબી ખરાબ કરવાનો પ્રયાસ છે. તેમણે વધુમાં કહ્યું કે, આવા વીડિયો પોસ્ટ કરવા એ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી દ્વારા રચવામાં આવેલા કાવતરાનો એક ભાગ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નવી સરકાર પાસેથી અપેક્ષાઓ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની સરકારે કમાન સંભાળી લીધી છે. યુપીએ સરકારનાં દસ વર્ષોના કાર્યકાળમાં ગઠબંધનની રાજનીતિ દરમ્યાન શાસન કુપ્રબંધનની ચુંગાલમાં ફસાયેલું હતું, પરંતુ એનડીએના રાજમાં આર્થિક સુધારાથી લઈને નિર્ણાયક ફેંસલાએ શાસનને નવું આયામ પ્રદાન કર્યું છે. તેને મળેલ બહુમત પણ તેની સ્વીકૃતિ છે. એવામાં એનડીએના નવા કાર્યકાળમાં પણ એ અપેક્ષાઓ છે કે સુધારાનો સિલસિલો પહેલાંની જેમ જ ઝડપ પકડશે. શ્રમ અને ભૂમિ અધિગ્રહણ જેવા ક્ષેત્ર હજુ પણ સુધારાની રાહ જોઈ રહ્યા છે, જે રોકાણને આકર્ષવા અને અનુકૂળ કારોબારી પરિવેશ બનાવવા માટે અત્યંત જરૂરી છે. જોકે સુધારાના કેટલાય મામલે બોલ રાજ્યોના પાલામાં હોય છે, પરંતુ સક્ષમ કેન્દ્ર આ મામલે પ્રભાવી પહેલ કરીને તેમને સહાય કરી શકે છે.

ભારતના દૃષ્ટિકોણથી આ બહુ મહત્ત્વપૂર્ણ છે કે જો તે જનસંખ્યાકીય લાભાંશની સંભાવનાઓને વટાવવા માગે તો તેના મોટા પાયે રોજગાર સર્જન કરવું પડશે. તેના માટે શિક્ષણ અને કૌશલ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે જ બુનિયાદી માળખાને ઉન્નત બનાવવું બહુ જરૂરી હશે. નવી સરકારે અવિલંબ પોતાની પ્રાથમિકતાઓ નક્કી કરીને આગળ વધવું પડશે.

સૌથી પહેલાં તો મૂડીગત વ્યયને પોતાની પ્રાથમિકતામાં રાખવો પડશે. આ રાજસ્વ વ્યયની તુલનામાં આર્થિક વૃદ્ધિને વધુ ગતિ આપે છે. છેલ્લા કેટલાક બજેટ આ તથ્યની પુષ્ટિ કરનારા રહ્યા છે. તેથી રેલવે, રાષ્ટ્રીય રાજમાર્ગ, બંદર અને જળમાર્ગ જેવા બુનિયાદી માલખામાં રોકાણનો દાયરો ઓર વધારવો જોઈએ. આ ક્ષેત્ર બંધારણની સાતમી અનુસૂચિમાં સંઘ સૂચિના વિષય છે. એનાથી ન માત્ર આર્થિક ગતિવિધિઓ ઝડપ પકડે છે, બલ્કે દીર્ઘકાલીન વિકાસ લ-ય પણ સુનિશ્ચિત થાયછે. તેમાં એ પરિયોજનાઓને પ્રાથમિકતા આપવી પડશે, જેમને કેન્દ્ર સરકાર સીધા લાગુ કરવાની સ્થિતિમાં હોય. રાજ્ય સરકારો સાથે બહેતર સમન્વય પણ બનાવવો પડશે, જેને કારણે હંમેશાં પરિયોજનાઓ લટકી જાય છે.

જનસંખ્યાકીય લાભાંશની વ્યાપક સંભાવનાઓને વટાવવા માટે નવી સરકારે સ્કૂલી શિક્ષણમાં સુધારાને મૂર્ત રૂપ આપવું જોઈએ. પાછલા કાર્યકાળમાં સરકાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવી હતી. આ સરકાર રાજ્યોને એ નીતિ વહેલી તકે લાગુ કરવા માટે પ્રેરિત કરે. સાથે જ એ પણ ધ્યાન રાખવામાં આવે કે માત્ર સ્કૂલી શિક્ષણ જ પર્યાપ્ત નથી, પરંતુ તેની ગુણવત્તા પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. જ્યાં શિક્ષણના અધિકાર કાયદાએ શિક્ષણ સુધી બાળકોની પહોંચ બહેતર બનાવી છે, પરંતુ નેશનલ અચિવમેન્ટ સર્વે એટલે કે એનએએસ અનુસાર શિક્ષણની ગુણવત્તામાં વિભિન્ન રાજ્યોના સ્તર પર વિસંગતિઓ જોવા મળી છે. એનએએસ ૨૦૨૧ અનુસાર ચંડીગઢ, પંજાબ, રાજસ્થાન અને હરિયાણા જેવા રાજ્યોમાં છાત્ર ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોમાં બહેતર પ્રદર્શન કરી રહ્યા છે, જ્યારે મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને છત્તીસગઢ બહુ પાછળ રહ્યા છે. આ વિસંગતિને દૂર કરવા માટે રાજ્યોએ સમગ્ર શિક્ષા અભિયાનના માધ્યમથી કેન્દ્ર પાસે સહયોગ લઈને પ્રભાવી સમાધાન કરવું જોઈએ. આ અભિયાનમાં એનએએસના ડેટાનો ઉપયોગ કરીને લિક્ષત હસ્તક્ષેપ કરવામાં આવે. અધ્યાપકોના પ્રશિક્ષણને પ્રાથમિકતા મળે અને શૈક્ષણિક પ્રક્રિયામાં વાલીઓ અને સામુદાયિક સક્રિયતા વધારવામાં આવે. વિભિન્ન રાજ્યો વચ્ચે શિક્ષણના સ્તર પર બની રહેલી ખાઈને પૂરવા અને તેની ગુણવત્તા સુધારવા માટે આ પગલાં અત્યંત જરૂરી થઈ ગયાં છે.

શોધ અને વિકાસ (આરએન્ડડી) ઈકોસિસ્ટમ અને શોધ-સંશોધન અને નવાચારના સ્તર પર ભારત પડકારો સામે ઝઝૂમતું આવ્યું છે. એવામાં નવી સરકારે આ મોરચે ધ્યાન આપવું પડશે. દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એક ટકાથી ઓછી સંસ્થા જ ગુણવત્તાપરક શોધમાં સંલગ્ન છે. તેનાથી દેશમાં સંશોધન સાથે જોડાયેલ ક્ષમતાઓ સંપૂર્ણ રીતે આકાર નથી લઈ શકતી. આ સંસ્થાઓમાં નાણાંકીય સંસાધનોનો અભાવ અને કેટલીક અવરોધક નીતિઓ તેના માટે જવાબદાર છે. ભારતમાં આરએન્ડડી ખર્ચ જીડીપીના અનુપાત અનુસાર બહુ મામૂલી છે. આ મામલે તે ચીન અને અમેરિકા જેવા નવાચારમાં અગ્રણી દેશોથી ઘણું પાછળ છે. તે ઉપરાંત, હાલનાં વર્ષોમાં રાજકોષીય અનુશાસન અને આર્થિક સુધારાએ આઈઆઈટી, આઈઆઈએસઈઆર અને આઈઆઈએસ જેવી સંસ્થાઓ માટે સંસાધનોની ઉપલબ્ધતા અને તેના નીતિગત લચીલાપણાને પ્રભાવિત કર્યું છે. રાજસ્વ વધારવા માટે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કર સુધાર પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સરકારે કરનો દાયરો વધારવા પર ધ્યાન આપવું જોઈએ. રાહતોને સીમિત કરવામાં આવે અને અનુપાલન આસાન બનાવાય તેથી કર સંગ્રહમાં વધુ ઉછાળ આવે. કોર્પોરેટ ઈક્મટેક્સ અને ખાનગી આવકવેરાના સ્તર પર વ્યાપક સુધારાની લાંબા સમયથી રાહ જોવાય છે. સુગમ કરમાળખું અને રાહતોની સીમા અનુપાલન ખર્ચ અને કેસબાજી ઘટાડવામાં મદદગાર બનશે. પ્રત્યક્ષ કરોમાં સુધાર અંતર્ગત નવા કર માળખામાં તમામ રાહતોને સમાપ્ત કરીને ટેક્સના દરો ઘટાડવામાં આવે. વધુ વસ્તુઓ અને સેવાઓને સામેલ કરીને જીએસટીનો દાયરો વધારવાની સાથે જ તેના દરો તાર્કિક કરો, જેનાતી સક્ષમતા વધવાની સાથે જ રાજસ્વ સંગ્રહ પણ વધશે. જીએસટી પરિષદને નિયમિત રીતે વિમર્શના માધ્યમથી આ સુધારાને મૂર્ત રૂપ આપીને સુનિશ્ચિત કરવું જોઈએ કે આ તંત્ર ઉભરતી આર્થિક જરૂરિયાતોની પૂર્તિ કરી શકે.

જોકે સુધારાની યાદી તો બહુ લાંબી છે, પરંતુ જો સરકાર આ ક્ષેત્રો પર જ ધ્યાન કેન્દ્રિ કરે તો ઘણી સ્થિતિઓ બહેતર થઈ શકે છે. તેનાથી સતત અને તેજ આર્થિક વૃદ્ધિ અને રાજકોષીય સ્થાયીત્વની સ્થિતિ બનશે. એનાથી સુનિશ્ચિત થશે કે ભારત આર્થિક પ્રગતિના પથ પર અગ્રેસર રહીને નવી ઉપલબ્ધિઓ હાંસલ કરતું રહેશે.

### મોસાળવાસીઓ ભગવાનને આવકારવા સજ્જ

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા યોજાવા જઈ રહી છે

## ભગવાન જગન્નાથજીને આવકારવા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે



અમદાવાદ,તા.૧૭ આ વર્ષે અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા યોજાવા જઈ રહી છે. ત્યારે ભાણેજને આવકારવા ભગવાનનું મોસાળ સજાવવામાં આવી રહ્યું છે.

અમદાવદના સરસપુર વિસ્તારમાં રણછોડરાય મંદિર બહાર બંધાયો છે વિશાળ મંડપ જ્યાં ભગવાન જગન્નાથજીને આવકારવા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાની તૈયારીઓ પુરજોશમાં છે. ભક્તો ભગવાનને આવકારવા સૌ કોઈ થનગની રહ્યા છે, દર વર્ષે મોસાળ પક્ષ સરસપુરમાં ખૂબ જ શાહી ઠાઠમાઠ સાથે ભગવાનને આવકારવામાં આવે છે.

ત્યારે આ વર્ષે પણ સરસપુરવાસીઓ સજ્જ બન્યા છે. સરસપુર રણછોડરાય મંદિર બહાર વિશાળ મંડપ બાંધ્યો છે. બીજી તરફ મોસાળમાં ભગવાન જગન્નાથજીના આગમનની આમંત્રણ પત્રિકાનું વિતરણ શરુ કરી દેવામાં આવ્યું છે. જળયાત્રા બાદ ૧૫ દિવસ ભગવાન સરસપુર મામાના ઘરે રોકાશે. ભગવાનની જળયાત્રા ૨૨મી જૂનના દિવસે યોજાશે, ત્યારે મોસાળ સરસપુરમાં ૨૨મી જૂનના રોજ સાંજના સમય પર ભગવાનની આગતા સ્વાગતા કરવામાં આવશે. મોસાળમાં ભગવાનની આમંત્રણ પત્રિકાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં ભવ્ય રથયાત્રાનું અનોખું આકર્ષણ જમાવે છે માટે ભગવાન જગન્નાથજીને આવકારવાની તૈયારીઓ ચાલી રહી છે. જગન્નાથ મંદિરની રથયાત્રા માટે સરસપુરની ૧૭ પોળ જમણવાર માટે સજ્જ બની જાય છે.

ત્યારે આ વર્ષે પણ લગભગ ૫૦ હજારથી વધારે લોકોના જમણવાર માટે સરસુપરમાં આયોજન શરૂ કરવામાં આવ્યું છે. જે માટે પોળવાસીઓની મિટિંગ પણ કરવામાં આવી છે. પોળમાં આયોજનબદ્ધ રીતે રથયાત્રાનું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે

### મનપાએ ભયજનક મકાનોનો સરવે કરીને નોટિસ ફટકારી

# અમદાવાદના રથયાત્રાના રૂટમાં ૩૬૨ મકાનો ભયજનક

## મકાન માલિકને નોટિસ આપ્યાની ફોટોગ્રાફી કરવામાં આવી છે ગત રથયાત્રામાં જર્જરિત મકાનની ગેલરી તૂટવાનો બનાવ બન્યો હતો



અમદાવાદ,તા.૧૭ અમદાવાદના રથયાત્રાના રૂટમાં ૩૬૨ મકાનો ભયજનક છે. અમદાવાદ મનપાએ ભયજનક મકાનોનો સરવે કરીને નોટિસ ફટકારી છે. તેમા પણ અમદાવાદ મનપાએ અતિ ભયજનક ચાર મકાનો તોડી પાડયા છે. મકાન માલિકને નોટિસ આપ્યાની ફોટોગ્રાફી કરવામાં આવી છે. ગત રથયાત્રામાં જર્જરિત મકાનની ગેલરી તૂટવાનો બનાવ બન્યો હતો.

આગામી તારીખ ૨૦ જૂનના રોજ ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રાને ધ્યાનમાં લઈને રથયાત્રાના રૂટ પર ભક્તો, દર્શનાર્થીઓ અને શહેરીજનોને કોઈ મુશ્કેલી ન પડે તેમજ સમગ્ર રૂટ પરથી રથયાત્રા હેમખેમ પસાર થાય તે હેતુસર છસ્ઞ ખાતે એકતા સમિતિની બેઠકનું આયોજન કરાયું હતું. લગભગ ૧૪ કિ.મી. લાંબા રથયાત્રાના રૂટ પર પાણીની પરબો મૂકવા, ૧૦૮ અને એમ્બ્યુલન્સ રાખવા, ભયજનક મકાનો ઉતારી લેવા અને પ્રોટેક્શન કરવા, નડતરરૂપ ઝાડના ટ્રીમિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટ એ જણાવ્યું હતું કે, રથયાત્રાના રૂટ ઉપર ૧૮૭ જેટલા મકાનો પર ફક્ત નોટિસ લગાવવાને બદલે સૌપ્રથમવાર ભયજનક મકાન અંગેની એલ્યુમિનિયમની પ્લેટ લગાવીને ભયજનક મકાન હોવાથી તેને ખાલી કરી દેવા અને ત્યાં કોઈ પણ વ્યક્તિએ ઉભું રહેવું નહીં તેવી સૂચના લગાવાઈ છે. રથયાત્રા રૂટ પર પાણીની પરબો, હેલોજન લાઈટો, ફાયરબ્રિગેડ સહિત વિવિધ સુવિધાઓ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને જવાબદારી સોંપી જરુરી તમામ આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ વિભાગ દ્વારા રથયાત્રાના સમગ્ર રૂટ પર તેમજ શહેરમાં કરવામાં આવેલ તૈયારીઓ અંગે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

### નાપાસ થયેલા વિદ્યાર્થી માટે મહત્વપૂર્ણ નિર્ણય

# ધો. ૯ તથા ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પુનઃ પરીક્ષા આપી ઉત્તીર્ણ કરી શકાશે

## નાપાસ થયેલા વિદ્યાર્થી માટે નવા સત્રના ૧૫ દિવસની અંદર ફરી પરીક્ષા લેવામાં આવશે, જેમાં પાસ થઈને વિદ્યાર્થી વર્ગ બઢતી કરી શકશે

ગાંધીનગર,તા.૧૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ધોરણ. ૯ તથા ધોરણ. ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થી માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ધોરણ ૯ અને ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થી માટે નવા સત્રના ૧૫ દિવસની અંદર ફરી પરીક્ષા લેવામાં આવશે, જેમાં પાસ થઈને વિદ્યાર્થી વર્ગ બઢતી કરી શકશે. રાજ્ય સરકારના શૈક્ષણિક વિભાગે નાપાસ વિદ્યાર્થીઓને મોટા ખુશખબર આપ્યા છે. ધોરણ. ૯ તથા ધોરણ. ૧૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પુનઃ પરીક્ષાના આધારે આગળના વર્ષ માટે ઉત્તીર્ણ કરી શકાશે. નવું સત્ર શરૂ થતા ૧૫ દિવસમાં પુનઃ પરીક્ષા લેવાની રહેશે. પુનઃપરીક્ષાના પરિણામના આધારે વર્ગ બઢતી અપાશે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાયો છે. બીજી બાજુ ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાને લઈને એક મહત્વના સમાચાર મળી રહ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા યોજાશે. ૨૪ જુનથી ૬ જુલાઈએ ધોરણ. ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા યોજાશે. જેમાં ૨૦હજાર વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના છે. પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યા ગત વર્ષ કરતા વધુ છે.

જ્યારે ધોરણ. ૧૦ ના ૧૦૫૭૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

એવી જ રીતે ધોરણ. ૧૨ના સામાન્ય પ્રવાહમાં ૬૪૫૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે. ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૨૭૫૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષા માટે ૪૯ સેન્ટર ઉપર પૂરક પરીક્ષાનું આયોજન કરાયું છે.

# રાજ્યમાં આ સપ્તાહે ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું

અમદાવાદ,તા.૧૭ રાજ્યમાં આ સપ્તાહે ચોમાસાનું વિધિવત આગમન થઈ ગયું છે. અનેક સ્થાનો પર વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યમાં આ સપ્તાહના મધ્યમાં ઠેર-ઠેર હળવો વરસાદ જોવા મળ્યો. વાતાવરણમાં અચાનક પલટો આવતા જામનગર, ડાંગ અને ભરૂચમાં મેઘરાજાએ પધરામણી કરી છે.

વરસાદના આગમન સાથે લોકોને કાળઝાળ ગરમીમાંથી મુક્તિ મળી છે. વરસાદનું આગમન થતા ધરતીપુત્રો માટે વધુ આનંદદાયક બની રહ્યું.

રાજ્યમાં જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ જોવા મળ્યો. જામનગરમાં ખાવડી, પડાણા અને ચેલા વિસ્તારમાં હળવો વરસાદ પડ્યો. વરસાદી માહોલ જામતા આ વિસ્તારના ખેડૂતોમાં ખુશીનું મોજું ફરી વળ્યું. ખેડૂતો હંમેશા વરસાદની રાહ જોતા હોય છે. ત્યારે મેઘરાજાએ સમયસર પધરામણી કરતા તેમના આનંદમાં વધારો થયો છે. જામનગર ઉપરાંત ડાંગ જિલ્લામાં પણ વરસાદ જોવા મળ્યો. ડાંગમા સતત ચોથા દિવસે વરસાદ પડ્યો. મોટાભાગે બપોર બાદ વરસાદનું આગમન થયું.

સાપુતારામાં વરસાદ પડતા કુદરતી સૌંદર્ય ખીલી ઉઠ્યું. સાપુતારાને ગુજરાતનું સ્વીટર્ઝલેન્ડ કહેવાય છે અને વરસાદમાં ચારેબાજુ લીલોતરીના લીધે આ સમયમાં અંહી લોકો મુલાકાત લેવાનુ વધુ પસંદ કરે છે.

સાપુતારમાં ધોધમાર તો ભરૂચમાં મેઘરાજાનું ધીમીધારે આગમન થયું. હાંસોટ પંથકમાં વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી. હાંસોટ તાલુકાના અનેક ગામોમાં વરસાદ આવતા ધરતીપુત્રોમાં આનંદ માહોલ જોવા મળ્યો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સજ્જનોના સદ્ આચરણથી લોકો પ્રસન્ન થાય છે અને અનુસરે છે.

- નીતિશતક

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૧૧ એકાદશી તિથિની વૃધ્ધિ છે, મુ. બકરીઈદ તા.૧૭ જૂન ૨૦૨૪, સોમવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૧૦, ચિત્રા નક્ષત્ર, પરિઘ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૭-૦૬-૨૦૨૪ થી ૨૩-૦૬-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરિમયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિતકાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઈ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરિમયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઈની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શકયતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

# ધો.૧૨ની પુરક પરીક્ષાની હોલ ટિકીટ ઓનલાઈન ડાઉનલોડ કરવાની રહેશે

## હોલ ટીકીટ સાથે શિક્ષકોના એસેસમેન્ટના ઓર્ડર પણ ઓનલાઈન મોકલાયા

અમદાવાદ તા.૧૭

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી લેવામાં આવનારી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા માટેની હોલટિકીટ વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવી છે. સ્કુલોએ ઓનલાઈન હોલટીકીટ મેળવી વિદ્યાર્થીઓને આપવાની રહેશે. હોલટીકીટ સાથે જ પુરક પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે શિક્ષકોના ઓનલાઈન એસેસમેન્ટના ઓર્ડર ઉપર સ્કુલોને મોકલી દેવાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહની એક અથવા બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા ૨૪ જૂનથી લેવામાં આવનાર છે. વિદ્યાર્થીઓની હોલ ટીકીટ શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરી દીધી છે. જેથી સ્કુલો દ્વારા શાળાનો નોંધાયેલો મોબાઈલ નંબર અથવા ઈ મેઈલ આઈડી દ્વારા લોગીંન કરી ડાઉનલોડ કરી શકાશે. હોલ ટીકીટની પ્રિન્ટ કાઢીને વિદ્યાર્થીઓના પુરક પરીક્ષાના આવેદન મુજબ વિષય અને માધ્યમની ખરાઈ કરીને હોલ ટીકીટમાં નિયત કરેલી જગ્યાએ ફોટો ચોટાડી, પરિક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ શાળાના આચાર્યનો સહી સિકકો કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે.

હોલ ટીકીટ સાથે પરીક્ષા માટેની ધો.૧૨ સામાન્ય પ્રવાહની સુચના હોલ ટીકીટના પાછળના ભાગે પ્રિન્ટ કરી પરીક્ષાર્થી અને શાળાના આચાર્યની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પરીક્ષાર્થીના આવેદન તથા પરીક્ષાર્થીઓના પ્રવેશપત્રમાં દર્શાવેલા વિષય બાબતે કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની કચેરી ખાતે જરૂરી આધારો સાથે ૩ દિવસમાં સંપર્ક કરવાનો રહેશે. મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ઉપર પૂરક પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે શિક્ષકોના નિમણુંક પત્ર હોલ ટિકીટ સાથે ઓનલાઈન જ મોકલી આપવામાં આવેલા છે.

### ક્ષત્રિય સમાજનો વિરોધ નડયો કે કેમ તેવી અટકળો વચ્ચે રૂપાલાનું નિવેદન

# રૂપાલાએ મંત્રી ન બનાવવા માટે કર્યો ખુલાસો વડાપ્રધાનનો આ મારે માટે લેવાયેલો નિર્ણય છે !

## મંત્રી બનાવે તો પણ મોદીનો નિર્ણય અને ન બનાવે તો પણ તેમનો નિર્ણય !



ગાંધીનગર તા.૧૭

રાજયમાં ક્ષત્રિય સમાજનો આકરા પાણીએ વિરોધ છતાં રાજકોટ લોકસભાની બેઠક ઉપર રૂપાલાએ જીત હાંસલ કરી સાંસદ તો બની ગયા પરંતુ નવી સરકારમાં તેમને મંત્રી પદ ન મળતા ચર્ચાઓ શરૂ થઈ છે. ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા તેમને મંત્રી શા માટે બનાવવામાં ન આવ્યા એ બાબતે તેમણે ખુલાસો કર્યો હતો. આ ઉપરાંત ફાયર એનઓસી સહીતના પ્રશ્ને તંત્ર અને સરકાર સાથે પરામર્શ કરીને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રયત્ન કરીશ એમ પણ જણાવ્યું હતું.

પુરૂષોતમ રૂપાલાએ જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લા પંચાયતમાં જીલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીની બેઠકમાં લોકસભાના સાંસદ તરીકે હાજરી આપવા આવ્યો છું પ્રાથમિક પ્રશ્નો અંગે તેમણે જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લા પંચાયતનું નવું બિલ્ડીંગ બની રહ્યું છે. ત્યારે જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી સહીતના સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ બિલ્ડીંગ કોર્ટ બિલ્ડીંગમાં શિફટ થવા જઈ રહ્યું છે. મંત્રી પદ ન મળવાના કારણો અંગે તેમણે જણાવ્યું હતું કે મંત્રીપદ મળવાના કોઈ કારણો હોતા નથી તેમજ મંત્રી પદ ન મળવાના પણ કોઈ કારણો હોતા નથી. અત્યાર સુધીના જે નિર્ણયો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મારા માટે લેવાયા છે. એમ આ નિર્ણય પણ મારા માટે લેવામાં આવ્યો હોય તેથી સ્વાગત છે. તેમણે જણાવ્યું હતું કે ગેમ ઝોન દુર્ઘટના બાદ ફાયર એનઓસી, બીયુ સર્ટિફિકેટ સહીતના પ્રશ્નો સામે આવ્યા છે. સરકારી વિભાગોની સક્રિયતાને કારણે જે ખામીઓ ઉભી થઈ છે એ હવે સપાટી ઉપર આવી રહી છે. એને લીધે કેટલીક વ્યવહારીક સમસ્યાઓ ઉભી થઈ છે. તંત્ર અને રાજય સરકાર સાથે પરામર્શમાં રહીને ખામીઓનો દુરૂપયોગ ન થાય તે રીતે સમસ્યાનું સમાધાન લાવવામાં આવશે નોંધનીય છે કે ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ વાલ્મીકી સમાજના કાર્યક્રમમાં પુરૂષોતમ રૂપાલાએ કરેલ નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં ઉગ્ર વિરોધ શરૂ થયો હતો. જે ચુંટણી સુધી જારી રહ્યો હતો. તેમ છતા તેમણે જંગી લીડથી જીત મેળવી હતી.

### એનસીપી રાજ્યસભા દ્વારા સંસદ મોકલી રહી છે

# હવે બારામતીથી હારેલા સુનેત્રા પવારને મોદી કેબિનેટમાં સ્થાન જોઈએ છે!

### સુનેત્રા પવાર લોકસભા ચૂંટણી દરમ્યાન બારામતી બેઠક ઉપરથી ચૂંટણી હારી ગયા હતા, તાજેતરમાં તેમણે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી હતી

નવી દિલ્હી, તા.૧૭

મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના પત્ની સુનેત્રા પવારે શુક્રવારે કહ્યું હતું કે તેઓ કેન્દ્રીય મંત્રી પરિષદમાં કોઈપણ પ્રકારના પ્રસ્તાવને સ્વીકારવામાં ખુશ થશે અને તેમણે કહ્યું કે તેમની પાટી એનસીપી કરશે પુણે જિલ્લામાં બારામતીથી ચૂંટણી લડે છે.લોકસભા ચૂંટણી દરમિયાન, સુનેત્રા પવાર પશ્ચિમ મહારાષ્ટ્રની બારામતી બેઠક પરથી તેમની ભાભી અને NCP (શરદચંદ્ર પવાર) સાંસદ સુપ્રિયા સુલે સામે હારી ગયા હતા. ગુરુવારે, તેમણે રાજ્યમાં રાજ્યસભા પેટાચૂંટણી માટે એનસીપીના ઉમેદવાર તરીકે મુંબઈમાં ઉમેદવારી પત્ર ભર્યું. તે મેદાનમાં એકમાત્ર ઉમેદવાર હોવાથી, સુનેત્રા પવાર સંસદના ઉપલા ગૃહમાં બિનહરીફ ચૂંટાશે તે નિશ્ચિત છે.પુણે પહોંચતા જ સ્થાનિક NCP યુનિટે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. જ્યારે પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું કે શું તે કેન્દ્રીય મંત્રીમંડળમાં જોડાવાની ઓફર સ્વીકારશે, તો તેણીએ કહ્યું, “અલબત્ત, જો તક મળશે, તો હું ચોક્કસપણે તકનો લાભ લઈશ.’’અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટી (NCP), જે ભાજપના સહયોગી છે, હાલમાં કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની નવી એનડીએ સરકારમાં કોઈ પ્રતિનિધિત્વ નથી, જેણે ગયા રવિવારે શપથ લીધા હતા. એનસીપીએ વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલને નવી એનડીએ સરકારમાં સ્વતંત્ર પ્રભારી સાથે રાજ્યમંત્રી તરીકે સામેલ કરવાના ભાજપના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો.સુનેત્રા પવારે કહ્યું કે પવાર પરિવારના ગઢ ગણાતા બારામતી લોકસભા મતવિસ્તારમાં પ્રચાર કરતી વખતે તેમને લોકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો, પરંતુ આખરે મતદારોનો નિર્ણય સ્વીકારવો પડશે. “અમે આત્મનિરીક્ષણ કરી રહ્યા છીએ (બારામતીમાં પરાજય) ખરેખર શું થયું તે જાણવા માટે અને વિશ્લેષણ પછી સુધારાત્મક પગલાં લેવામાં આવશે,’’ તેમણે ભાર મૂક્યો. સુનેત્રા પવારે તેમને રાજ્યસભામાં પ્રવેશવાની તક આપવા બદલ એનસીપીના વરિષ્ઠ નેતૃત્વ અને પક્ષના કાર્યકરોનો આભાર માન્યો હતો.

# પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડમાંથી દરેક મૃતકના પરિવારને ૨ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપશે અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે

નવી દિલ્હી, તા. ૧૭

કુવૈતમાં એક બિલ્ડિંગમાં ભયંકર મોટી આગ લાગવાની ઘટના બની હતી જેમાં ૪૨ ભારતીયોના મોત થયા છે. કુવૈતમાં ભીષણ આગની ઘટનામાં ૪૯ લોકો દાઝી ગયા છે. તે જ સમયે, આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં ૩૦ ભારતીય હતા. આ ઘટના બાદ ભારત સરકાર દ્વારા કુવૈત સરકારનો તાત્કાલિક સંપર્ક કરવામાં આવ્યો હતો અને ઘાયલોને તાત્કાલિક સારવાર આપવા જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈત શહેરમાં આગની દુર્ઘટનાને પગલે પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં ભારતીય મૂળના લોકોને અસર થઈ છે. પ્રધાનમંત્રીએ કુવૈતમાં આગની દુર્ઘટનામાં જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો.

આ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. તે જ સમયે, પીએમ મોદી પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડમાંથી દરેક મૃતકના પરિવારને ૨ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપશે. જ્યારે ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે કુવૈત શહેરમાં આગની દુર્ઘટના દુઃખદ છે. મારી સંવેદના એ તમામ લોકો સાથે છે જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે. હું પ્રાર્થના કરું છું કે ઘાયલ લોકો જલ્દીથી જલ્દી સ્વસ્થ થઈ જાય. વડા પ્રધાને ખાતરી આપી હતી કે કુવૈતમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને અસરગ્રસ્તોને મદદ કરવા અધિકારીઓ સાથે મળીને કામ કરી રહ્યું છે.

કુવૈતના બિલ્ડીંગમાં આગ લાગવાની દુર્ઘટના બહુ ભયાનક હતી. આ અકસ્માત સમયે લોકો બહુમાળી ઈમારતમાં સૂઈ ગયા હતા અને જીવતા સળગી ગયા હતા. બુધવારે સવારે ૪ વાગે થયેલા આ અકસ્માતમાં મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. આ અકસ્માતને કારણે કેરળ અને આંધ્રપ્રદેશ સહિત ભારતના ઘણા રાજ્યોમાં ખળભળાટ મચી ગયો છે, જ્યાં આ લોકો રહેવાસી હતા. હાલમાં, ભારત સરકારે વિદેશ રાજ્ય મંત્રી કીર્તિવર્ધન સિંહને પરિસ્થિતિનો તાગ મેળવવા અને મદદ પૂરી પાડવા માટે મોકલ્યા છે. તેમનું કહેવું છે કે એરફોર્સના વિમાન આગમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહ લાવવા માટે તૈયાર છે. તેમ છતાં, મોટો પડકાર એ છે કે મૃતદેહોની ઓળખ કરવી પણ મુશ્કેલ બની રહી છે. આગ એટલી ભીષણ હતી કે મૃતદેહો બળીને રાખ થઈ ગયા હતા. આવી સ્થિતિમાં મૃતદેહોની ઓળખ માટે ડીએનએ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગોંડાના સાંસદ કીર્તિવર્ધન સિંહે કહ્યું, ‘જેમ જ મૃતદેહોની ઓળખ થશે, તેમના પરિવારજનોને જાણ કરવામાં આવશે. આ પછી, તેમને વાયુસેનાના વિમાનોની મદદથી ભારત લાવવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, દક્ષિણ કુવૈતના મંગાફમાં લાગેલી આગમાં કુલ ૪૮ લોકોના મોત થયા છે, જેમાંથી ૪૨ ભારતીય છે.

આ બિલ્ડિંગમાં લગભગ ૨૦૦ લોકો રહેતા હતા. ૬ માળની ઈમારતના રસોડામાં આગ લાગી હતી અને ધીમે ધીમે તેણે મોટા વિસ્તારને લપેટમાં લીધો હતો. કેટલાક લોકો સીધા આગની ઝપેટમાં આવ્યા હતા જ્યારે ઘણા લોકો ધુમાડાને કારણે ગૂંગળામણને કારણે મૃત્યુ પામ્યા હતા. હાલમાં, તે લોકો જેઓ તે બિલ્ડીંગમાં હાજર હતા અને કોઈક રીતે બચી ગયા હતા તેઓ જ સળગી ગયેલા લોકોના મૃતદેહોને ઓળખવામાં મદદ કરી રહ્યા છે.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે આ મામલે કુવૈતી સમકક્ષ અબ્દુલ્લા અલી અલ-યાહ્યા સાથે પણ વાત કરી છે. તેમણે કહ્યું કે કુવૈતના મંત્રીએ આ મામલાની સંપૂર્ણ તપાસ અને દોષિતોને સજા આપવાનું વચન આપ્યું છે. એસ. જયશંકરે કહ્યું કે અમે મૃતદેહોને પરત લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. હાલમાં ઘાયલોને યોગ્ય સારવાર મળે અને ઝડપથી સાજા થાય તે માટે પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે માર્યા ગયેલા લોકોના પરિવારજનો માટે હેલ્પલાઈન નંબર +૯૬૫-૬૫૫૦૫૨૪૬ પણ જારી કર્યો છે.

# જગન્નાથ મંદિરના તમામ ૪ દરવાજા ખોલવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૧૭

ઓડિશામાં નવી ચૂંટાયેલી ભારતીય જનતા પાટીની સરકારે બુધવારે પુરીમાં શ્રી જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ફરીથી ખોલવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સરકારે મંદિર સાથે સંબંધિત મહત્વના મુદ્દાઓ પર ધ્યાન આપવા માટે ૫૦૦ કરોડ રૂપિયાના વિશેષ ભંડોળની પણ જાહેરાત કરી હતી.મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝી સહિત સમગ્ર કેબિનેટ પણ ચાર દરવાજા ખોલવાના સાક્ષી બનવા માટે ગુરુવારે સવારે યાત્રાધામ શહેરમાં હશે.પ્રસ્તાવને મંજૂરી આપ્યા બાદ મોહન ચરણ માઝીએ મીડિયાને જણાવ્યું કે, “રાજ્ય સરકારે ગુરુવારે સવારે તમામ મંત્રીઓની હાજરીમાં પુરી જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. ભક્તો મંદિરમાં પ્રવેશ કરી શકશે. ચાર દરવાજા.’’માંઝીએ વધુમાં કહ્યું કે મંદિરમાં આવતા ભક્તોને દરવાજા બંધ હોવાને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો અને તાજેતરના નિર્ણયથી તેમની યાત્રા સરળ બનશે.નોંધનીય છે કે ભાજપે પોતાના વિધાનસભા ચૂંટણી ઢંઢેરામાં જગન્નાથ મંદિરના તમામ દરવાજા ખોલવાનું વચન પણ આપ્યું હતું.અગાઉની BJD સરકારે કોવિડ-૧૯ રોગચાળા પછી મંદિરના ચારેય દરવાજા બંધ રાખ્યા હતા. ભક્તો માત્ર એક જ દ્વારથી પ્રવેશી શકતા હતા અને તમામ દરવાજા ખોલવાની માંગ કરવામાં આવી હતી.

# ખોરાકની અસર માણસના વર્તન ઉપર

## તાજેતરમાં થયેલા એક રિસર્ચમાં સાબિત કરવામાં આવ્યું છે કે આપણે જે ખોરાક ખાઈએ છીએ એની સીધી અસર આપણા વર્તન ઉપર અને મગજની કાર્યક્ષમતા ઉપર થાય છે આ વાત આપણા આયુર્વેદમાં વર્ષો પહેલાંથી કહેવામાં આવી છે. આપણે જે ખોરાક ખાઈએ એના ઉપર આપણું વર્તન કઈ રીતે અવલંબે છે અને એને અસર પહોંચાડતા પરિબળો કયા છે એ જાણીએ..

આજના યુગનો સૌથી મોટો પ્રોબ્લેમ એ છે કે આપણે ખોરાકને ફકત વજન અને સ્વાદ સાથે જોડતા થઈ ગયા છીએ. જે લોકો બેફામ જન્કફુડ ખાય છે તેઓ ખોરાકને સ્વાદ સાથે જોડે છે જયારે જે લોકો ડાયટ કરતા થઈ ગયા છે એ લોકો ફુડને વજન સાથે જોડતા થઈ ગયા છે. આ વસ્તુ ખાઈએ તો વજન વધી જાય અને તે ખાઈએ તો વજન ઘટે. પરંતુ એવા લોકોની સંખ્યા ખુબ જ ઓછી છે જે ફુડને હેલ્થ સાથે જોડે છે. કઈ વસ્તુ ખાવાથી આપણને સૌથી વધુ પોષણ મળશે એવું વિચારનાર અને એ પ્રમાણે વર્તનારા લોકો ઘણા ઓછા જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં હંમેશાથી ફુડને ઘણું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને એટલા માટે જ આપણી પાસે ખોરાકને લઈને એક આખુ વિજ્ઞાન ડેવલપ થયું છે જેને આપણે આયુર્વેદ કહીએ છીએ આ ચિકિત્સા માટેનું વિજ્ઞાન નથી. પરંતુ આપણે કેવો ખોરાક ખાવો જોઈએ. કયા સમયે શું ખાવું જોઈએ જેથી આપણું શરીર મન મગજ બધુ જ તંદુરસ્ત રહે એના માટે વિજ્ઞાન છે. આજકાલ લોકો ખોરાકની અસર ફકત શરીર સુધી જ જુએ છે. પરંતુ આયુર્વેદ વર્ષોથી માનતું આવ્યું છે કે જેવું અન્ન એવું મન. આપણે જે ખોરાક ખાઈએ છીએ એની અસર આપણા મન ઉપર પડે છે. જે આપણા વર્તન માટે જવાબદાર બને છે. એટલું જ નહી મગજનું આખુ કામ પણ તમે શું ખાઓ છો એના ઉપર ટકેલું છે. જે આપણે વર્ષોથી જાણતા આવ્યા છીએ એના ઉપર પશ્ચિમના લોકો સંશોધન કરી રહ્યા છે.

એક સંશોધન મુજબ આપણે જે ખાઈએ છીએ એ ખોરાકની સીધી અસર વ્યકિતના વર્તન અને મગજની કાર્યક્ષમતા ઉપર પડે છે. આ નવા સંશોધન મુજબ તમે જે ખોરાક લો છો તેની સીધી અસર આંતરડામાં રહેલા બેકટેરિયા જે પાચન માટે અત્યંત ઉપયોગી છે એના ઉપર થાય છે અને આ સંશોધકો માને છે કે આ બેકટેરિયાનો વ્યકિતના વર્તન અને તેની માનસિક હેલ્થ ઉપર ખુબ પ્રભાવ જોવા મળે છે. આંતરડામાં રહેલા બેકટેરિયા કઈ રીતે વ્યકિતના વર્તન અને મગજ ઉપર અસર કરે છે એ સમજાવતા ડોકટર કહે છે કે આંતરડામાં રહેલા બેકટેરિયા પાચન માટે અત્યંત ઉપયોગી હોય છે. એનાથી ખોરાકનું પાચન વ્યવસ્થિત થાય છે જેને કારણે ખોરાકમાં રહેલા પોષક તત્વો ખુબ જ સારી રીતે શરીરમાં શોષાઈ શકે છે. બીજું એ કે આપણે જે ખોરાક ખાઈએ છીએ એને કારણે એ બેકટેરિયાની સંખ્યામાં વધઘટ થઈ શકે છે જો એનું પ્રમાણ બરાબર હોય તો પાચન વ્યવસ્થિત થાય અને શરીરને પોષણ બરાબર મળે અને જો પોષણ પુરતુ હોય તો શરીરના બધા જ અંગ વ્યવસ્થિત ચાલી શકે. મૂડ અને મગજ બંને સ્થિર રહે છે.

**હોર્મોન્સની અસર**

સામાન્ય રીતે તમે નોટિસ કર્યુ હશે કે જયારે તમે લાંબા સમયથી ભુખ્યા હો તો અચાનક જ મુડ ચીડીયો બની જાય છે અને જો તરત કશું વ્યવસ્થિત ખાવા મળી જાય તો તરત જ મગજ શાંત થઈ જાય છે. ઘણી વાર તમારો મુડ ખરાબ હોય અને કોઈ મનપસંદ વસ્તુ મમ્મી બનાવી આપે તો એ ખાઈને તમારો મુડ સારો થઈ જાય. ખોરાક અને વ્યકિતનો મુડ કે તેનું વર્તન કઈ રીતે સંકળાયેલા છે એ વિશે ડાયટિશ્યન કહે છે જયારે આપણે ખોરાક ખાઈએ છીએ ત્યારે અલગ અલગ સમયે ખોરાક અનુસાર મગજમાં અમુક હોર્મોન્સ રીલીઝ થાય છે જે હોર્મોન્સ આપણા મુડ માટે જવાબદાર બને છે. ઘણી વખત નોર્મલ ટેસ્ટનું સાત્વિક ભોજન ખાઈને પણ અત્યંત સંતોષ અનુભવાય છે અને મગજમાં શાંતિનો અનુભવ થાય છે. ઘણી વખત તીખુ તળેલુ મસાલેદાર કંઈક ખાધુ હોય તો એકદમ મગજ ખુલી ગયું હોય એવો આભાસ થાય છે પણ પછી એકદમ અંદરથી ખરાબ લાગવા લાગે આ બધી કમાલ હોર્મોન્સની છે. જયારે તમે કંઈક ખાઓ ત્યારે હોર્મોન્સ રિલીઝ થાય અને એ મુડ માટે જવાબદાર બને જયારે તમારા હોર્મોન્સ ઈમ્બેલેન્સ થઈ ગયા હોય ત્યારે મુડની સાથે સાથે તમને કંઈક જુદુ જ ખાવાની ઈચ્છા થાય. આ બધુ એકબીજા સાથે જોડાયેલું છે.



**વધુ શુગર**

ખોરાકની મન ઉપર અસર વિચારવી હોય તો એનું શ્રેષ્ઠ ઉદાહરણ બાળકો છે આજના બાળકો પહેલાનાં બાળકો કરતા વધુ હાઈપર હોય છે. એકદમ જ વધારે એકટિવ હોય છે અથવા વધુ આળસુ હોય છે એકદમ જ તેમનામાં એનર્જી આવે અને પછી એકદમ જ તેઓ થાકી જાય છે. આ ઉપરાંત ગુસ્સો ચિડીયાપણું, જીદ વગેરેની ફરિયાદ પણ મા બાપ કરતા હોય છે. આવું થવા પાછળના આમ તો ઘણા કારણો હોઈ શકે છે. પરંતુ એની પાછળ એક મહત્વનું કારણ બાળકને આપવામાં આવતું ફુડ પણ છે. જેના વિશે વાત કરતા ડાયટિશ્યન કહે છે આજકાલ આપણે બાળકોને જે ખોરાક આપીએ છીએ પછી તે જન્ક ફુડ હોય, ફાસ્ટ ફુડ હોય કે કોલ્ડ ડ્રિંકસ અને ચોકલેટ હોય. બધામાં શુગરનું પ્રમાણ વધુ હોય છે જયારે આટલી શુગર વ્યકિતના શરીરમાં જાય એટલે એ વ્યકિતનું એનર્જી લેવલ ઉપર નીચે થાય જેને લીધે બાળકોમાં વર્તનને લઈને થતા પ્રોબ્લેમ્સ સામે આવે છે. જો તમને લાગતું હોય કે તમારા બાળકને કોઈ બિહેવિયરલ પ્રોબ્લેમ છે તો તેને બને એટલો ઘરનો સાદો અને ભારતીય ખોરાક આપીને અઠવાડિયું જુઓ તેના વર્તનમાં ચોકકસ ફર્ક પડશે.

**કોણ ખોરાક બનાવે છે એનું પણ મહત્વ**

તમે ખોરાક શું ખાઓ છો અને કયારે ખાઓ છો એના ઉપર તમારૂ વર્તન અને માનસિક હેલ્થ નિર્ભર છે એ વાત સાચી છે પરંતુ તમારો ખોરાક કોણ બનાવે છે અને કેવા ભાવથી બનાવે છે એ પણ ખુબ જ મહત્વનું છે. આ વાતને સાબિત કરતું એક ઉદાહરણ આપતા ડાયટિશ્યન કહે છે કે એક મા પોતાના બાળકને ઉછેરતી હોય અને એક આયા તેને ઉછેરતી હોય તો બાળકના ઉછેરમાં જે ફર્ક હોય છે એટલો જ ફર્ક એક મા બાળક માટે જમવાનું બનાવે અને કોઈ બાઈ જમવાનું બનાવે એમાં હોય છે. ભારતીય સંસ્કૃતિમાં ભાવને ખુબ મહત્વ આપવામાં આવ્યું છે રસોઈ બનાવતી વખતે વ્યકિતના ભાવ કેવા છે એની અસર પણ ખોરાક ઉપર પડે છે અને એ ખોરાકની અસર વ્યકિતની સેહત ઉપર પડે છે. એટલે જ માના હાથનું ભોજન એક બાળકને જે સંતોષ આપી શકે એ સંતોષ તેને બીજે કયાંય મળી શકતો નથી અને આવું અન્ન શરીર અને મનને હેલ્થ બક્ષે છે.

# માણાવદરમાં ગંદા પાણી પીવાના પાણીમાં ભળતા લોકોમાં રોષ



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧૭

માણાવદર પાલિકા તંત્રની બેદરકારીના કારણે શહેરમાં ઠેર-ઠેર ભુગર્ભ ગટરો ખદબદે છે જેનો સાડા છ લાખના ખર્ચે કોન્ટ્રાકટ અપાયો હોવા છતાં યોગ્ય કામગીરી થતી ન હોવાથી ભુગર્ભ ગટરનો પમ્પીંગ સમ્પ કે જે જડેશ્વર મંદિર પાસે છે તે ગટરોના ગંદા પાણીથી ખદબદે છે. ઉપરાંત આજુબાજુના રહીશો આ ગંદકીની દુર્ગંધના કારણે હેરાન-પરેશાન છે. ડેરીવાળો કુવો કે જે સજીવ છે તેમાં પુષ્કળ પીવાનું પાણી મળતું હતું પરંતુ ગટરના ગંદા પાણી આ કુવામાં ભળતા કુવાનું પાણી ગંદુ થયેલ છે. આ બાબતે ઉચ્ચ કક્ષાએ તપાસ કરવા પણ લોકોમાંથી માંગણી ઉઠવા પામી છે. અને પાલિકા દ્વારા ઘરે ઘરે વિતરણ કરાતા પીવાના પાણીમાં પણ આ ગટરોના ગંદા પાણી ભળતા લોકોમાં રોષ ઉઠવા પામેલ છે. આ બાબતે વિતરણ કરાતા પાણીના સેમ્પલો લઈ તેની ચકાસણી કરવામાં આવે તો ચોંકાવનારા પરિણામો બહાર આવી શકે તેમ છે. આ બાબતે યોગ્ય તપાસ કરી શુધ્ધ પાણી લોકોને વિતરણ કરવાની વ્યવસ્થા પાલિકા દ્વારા કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

### સામાન્ય જનતા માટે રાહતના સમાચાર

# ડાયાબિટીસ અને એન્ટીબાયોટિક સાહિત્ય ની ૫૪ દવાના ભાવમાં ઘટાડો

## નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીની બેઠકમાં લેવાયો નિર્ણય

નવીદિલ્હી,તા.૧૭

મોંઘવારીના માર વચ્ચે સામન્ય જનતા માટે રાહતના સમાચાર આવ્યા છે. સારવાર અને દવાઓના ખર્ચથી પરેશાન કરોડો લોકોને સરકારે મોટી રાહત આપી છે. આજથી ૫૪ જરૂરી દવાઓના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

જે દવાઓના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં ડાયાબિટીસ, હૃદય અને કાનની બીમારીઓના ઈલાજમાં ઉપયોગમાં લેવાતી દવાઓની સાથે મલ્ટીવિટામિન વગેરે પણ સામેલ છે. તેનાથી સામાન્ય લોકોને ઘણી રાહત મળવાની આશા છે.

ઘણી જરૂરી દવાઓના ભાવ ઘટાડવાનો આ નિર્ણય નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA)ની ૧૨૪મી બેઠકમાં લેવામાં આવ્યો છે. NPPA દેશમાં વેચાઈ રહેલી એ જરૂરી દવાઓની કિંમતો નક્કી કરે છે, જેનો સામાન્ય લોકો ઉપયોગ કરે છે. બેઠકમાં ૫૪ દવાના ફોર્મ્યુલેશન અને ૮ વિશેષ દવાઓના ભાવ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

NPPAએ આ બેઠકમાં જે ૫૪ દવાઓના ભાવ નક્કી કર્યા છે તેમાં ડાયાબિટીસ, હાર્ટ, એન્ટિબાયોટિક્સ, વિટામિન ડી, મલ્ટી વિટામિન્સ, કાનની બીમારીઓની દવા વગેરે સામેલ છે. આ ઉપરાંત દ્ગઁછએ આ બેઠકમાં ૮ સ્પેશિયલ ફીચર ઉત્પાદનોના ભાવ પર પણ આ બેઠકમાં નિર્ણય લીધો છે.



આ પહેલા સરકારે ગત મહિને પણ ઘણી જરૂરી દવાઓના ભાવમાં ઘટાડો કર્યો હતો. ગત મહિને સામાન્ય રીતે વપરાતી ૪૧ દવાઓ અને ૬ સ્પેશિયલ દવાઓના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. એન્ટિબાયોટિક્સ, મલ્ટી વિટામિન્સ, ડાયાબિટીસ અને હૃદય સાથે સંબંધિત દવાઓના ભાવમાં ગત મહિને જ ઘટાડો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત લીવરની દવાઓ, ગેસ અને એસિડિટીની દવાઓ, પેઈન કિલર, એલર્જીની દવાઓ પણ ગત મહિને સસ્તી કરવામાં આવી હતી.

એવું માનવામાં આવે છે કે NPPAના આ નિર્ણયથી કરોડો લોકોને ફાયદો થઈ શકે છે. ઉદાહરણ તરીકે, હાલમાં દેશમાં એકલા ડાયાબિટીસના ૧૦ કરોડથી વધુ દર્દીઓ છે. આ વિશ્વના અન્ય કોઈપણ દેશની તુલનામાં વધુ છે. ડાયાબિટીસના દર્દીઓને નિયમિત દવાઓ પર આધાર રાખવો પડે છે. આવી સ્થિતિમાં ૧૦ કરોડથી વધુ ડાયાબિટીસના દર્દીઓને ઘટેલા ભાવનો સીધો લાભ થશે

### વિશ્વ હિન્દુ પરિષદનો વિરોધ

# મહારાષ્ટ્ર સરકાર વક્ફ બોર્ડને ૧૦ કરોડ આપશે

## ૧૦ કરોડની રકમ વકફ બોર્ડને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ડિજિટાઈઝેશનની કામગીરી માટે આપવાનો સરકારનો નિર્ણય

મુંબઈ,તા.૧૭

મુંબઈમાં RSS બાદ હવે વિશ્વ હિન્દુ પરિષદે પણ મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર પર નારાજગી વ્યક્ત કરી છે. હકીકતમાં, મહારાષ્ટ્ર સરકારે વક્ફ બોર્ડને ૧૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવાનો નિર્ણય કર્યો છે. આ રકમ વકફ બોર્ડને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ડિજિટાઈઝેશન માટે આપવામાં આવશે. આ અંગે નારાજગી વ્યક્ત કરતા વિશ્વ હિન્દુ પરિષદે શુક્રવારે કહ્યું હતું કે, મહાયુતિ સરકાર એ કામ કરી રહી છે જે કોંગ્રેસ સરકારે નથી કર્યું. આ માત્ર મુસ્લિમોને ખુશ કરવાનો પ્રયાસ છે. જો વક્ફ બોર્ડને ૧૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

મહત્ત્વપૂર્ણ છે કે, મહારાષ્ટ્ર સરકારના લઘુમતી મંત્રાલયે પણ વકફ બોર્ડ માટે ૨ કરોડ રૂપિયાની રકમ જાહેર કરી છે. બાકીની રકમ ટૂંક સમયમાં આપવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે. આ પગલાનો વિરોધ કરતા VHPના કોંકણ પ્રદેશ સચિવ મહોન સાલેકરે કહ્યું છે કે, મહારાષ્ટ્ર સરકાર મુસ્લિમો સામે કેમ ઘૂંટણિયે પડી રહી છે? તુષ્ટિકરણની રાજનીતિ શા માટે કરવામાં આવે છે? આ પ્રકારનું તુષ્ટીકરણ અસહ્ય છે.

VHPના આ વિરોધ પછી, રાજ્ય ભાજપના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે, "રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલા ભંડોળ વકફ બોર્ડના ડિજિટાઈઝેશન માટે છે. વકફ બોર્ડમાં રહેલી ખામીઓને સુધારવા માટે આ પ્રક્રિયા જરૂરી હતી. જેનાથી ખબર પડશે કે હિન્દુઓ અને આદિવાસીઓની જમીનો ક્યાં ખોટી રીતે કબજે કરવામાં આવી છે. બાવનકુલેએ વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર સરકાર અને ભાજપ કોઈના તુષ્ટિકરણમાં સામેલ નથી. જેઓ મહારાષ્ટ્ર સરકાર પર આરોપો લગાવી રહ્યા છે તેઓનો સાચો હેતુ સમજવો જોઈએ.

આ મામલે શિવસેના UBT નેતા સંજય રાઉતે કહ્યું કે, ફઉઁ વિરોધ કરી શકે છે. તેઓ જ આ સરકાર લાવ્યા છે. હકીકતમાં આ ગ્રાન્ટ સંયુક્ત સંસદીય સમિતિની ભલામણ પર આપવામાં આવી છે. આ સમિતિએ મહારાષ્ટ્રમાં વકફ બોર્ડ અને તેની મિલકતોનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાર બાદ તત્કાલિન મુખ્યમંત્રીએ અનુદાન આપવાનું વચન આપ્યું હતી.

આ સાથે જ વિશ્વ હિન્દુ પરિષદે પણ સરકારને આંદોલનની ચેતવણી આપી છે. વિશ્વ હિંદુ પરિષદનું કહેવું છે કે, સરકાર હિન્દુ મંદિરો પર કબજો કરે છે અને વક્ફ બોર્ડને પૈસા આપે છે. આવી સ્થિતિમાં જો ૧૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે તો વિશ્વ હિન્દુ પરિષદ વિરોધ કરશે. આ સિવાય આ મુદ્દાને રાજ્યપાલ સુધી લઈ જવામાં આવશે.

### SBI નો ગ્રાહકોને મોટો ઝટકો

# SBI એ ફરી એકવાર હોમ લોનના વ્યાજમાં વધારો કર્યો

## રેપો રેટ સંબંધિત લોન પર કોઈ અસર નહીં

નવીદિલ્હી,તા.૧૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સતત સતરમી વખત રેપો રેટ યથાવત રાખ્યો છે, પરંતુ ઘણી બેંકોએ લોન પર વ્યાજદરમાં વધારો શરૂ કરી દીધો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ફરી એકવાર હોમ લોનના વ્યાજમાં વધારો કર્યો છે. આનો અર્થ એ છે કે હવે તમારે તમારી લોન પર વધુ EMI ચૂકવવો પડશે. RBIની મોનેટરી પોલિસી મીટિંગના થોડા દિવસ બાદ SBI વ્યાજમાં વધારાની જાહેરાત કરી છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૧૫ જૂનથી તમામ કાર્યકાળ માટે તેના માર્જિનલ કોસ્ટ ઓફ લેન્ડિંગ રેટ (MCLR){ાં ૧૦ બેસિસ પોઈન્ટ અથવા ૦.૧%નો વધારો કર્યો છે. એસબીઆઈના આ પગલાંથી MCLR સંબંધિત તમામ પ્રકારની લોનની ઈએમઆઈ વધશે. આનો અર્થ એ છે કે હવે તમારે પહેલા કરતા દર મહિને લોન પર વધુ EMI ચૂકવવો પડશે. SBI વધારા સાથે, એક વર્ષનો એમસીએલઆર ૮.૬૫%થી વધી ૮.૭૫% થયો છે, ઓવરનાઈટ એમસીએલઆર ૮.૦૦%થી વધી ૮.૧૦% થયો છે અને એક મહિના અને ત્રણ મહિનાનો એમસીએલઆર ૮.૨૦%થી વધી ૮.૩૦% થયો છે. છ મહિનાનો એમસીએલઆર હવે ૮.૫૫%થી વધી ૮.૬૫% થઈ ગયો છે. વધુમાં, બે વર્ષનો એમસીએલઆર ૮.૭૫%થી વધીને ૮.૮૫% અને ત્રણ વર્ષનો એમસીએલઆર હવે ૮.૮૫%થી વધી ૮.૯૫% થયો છે.

હોમ અને ઓટો લોન સહિત મોટાભાગની રિટેલ લોન એક વર્ષના એમસીએલઆર રેટ સાથે જોડાયેલી છે. એમસીએલઆરમાં વધારાની અસર આરબીઆઈ રેપો રેટ અથવા ટ્રેઝરી બિલ યીલ્ડ જેવા બાહ્ય બેન્ચમાર્ક સાથે જોડાયેલી લોન પર થતી નથી. જેથી તેના ગ્રાહકો પર ઈએમઆઈનો બોજો પડશે નહીં. ઓક્ટોબર ૨૦૧૯થી, એસબીઆઈ સહિતની બેંકો માટે નવી લોનને આ એક્સટર્નલ બેન્ચમાર્ક સાથે લિંક કરવી ફરજિયાત થઈ છે.

એસબીઆઈ એ પણ શુક્રવારે જાહેરાત કરી હતી કે તેણે બિઝનેસ વૃદ્ધિને ટેકો આપવા માટે બોન્ડ દ્વારા $૧૦૦ કરોડ (આશરે રૂ. ૮૩૦ કરોડ) એકત્ર કર્યા છે. ત્રણ વર્ષની પાકતી મુદત અને વાર્ષિક ૯૫ બેસિસ પોઈન્ટના સિક્યોર્ડ ઓવરનાઈટ ફાઈનાન્સિંગ રેટ (SOFR) સાથે ફ્લોટિંગ રેટ નોટ્સ ૨૦ જૂન, ૨૦૨૪ના રોજ એસબીઆઈની લંડન શાખા દ્વારા જારી કરવામાં આવશે.

### ભાજપના સાંસદે કહી દીધી મોટી વાત

# કોંગ્રેસના સ્વર્ગસ્થ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કરૂણાકર મારા રાજકીય ગુરૂ :સુરેશ ગોપી

## ભાજપ નેતાએ કરૂણાકર અને માર્ક્સવાદી દિગ્ગજ ઈકે નાયનારને પોતાના રાજકીય ગુરૂ ગણાવ્યા

કેરળ,તા.૧૭

કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને "મધર ઓફ ઈન્ડિયા" અને કોંગ્રેસના નેતા અને કેરળના સ્વર્ગસ્થ મુખ્યમંત્રી કે.કરુણાકરને "સાહસી પ્રશાસક" કહ્યાં છે. ભાજપ નેતાએ કરુણાકર અને માર્ક્સવાદી દિગ્ગજ ઈકે નાયનારને પોતાના રાજકીય ગુરુ ગણાવ્યા છે. ગોપીએ પુન્કુન્નામ સ્થિત કરુણાકરણના સ્મારક મુરલી મંદિરમની મુલાકાત પછી પત્રકારો સાથે વાતચીત કરી હતી. સુરેશ ગોપીએ કે. કરુણાકરનના પુત્ર અને કોંગ્રેસના નેતા કે. મુરલીધરનની આશાઓ પર પાણી ફેરવી નાંખીને થ્રિસુર લોકસભા મતવિસ્તારમાંથી જીત મેળવી હતી. ત્રિશૂર સીટ પર ત્રિકોણીય જંગમાં મુરલીધરન ત્રીજા ક્રમે રહ્યા હતા. તેમણે મીડિયાકર્મીઓને વિનંતી કરી કે તેઓ કરુણાકરણના સ્મારકની મુલાકાતને રાજકારણ સાથે ન જોડે. બીજેપી નેતાએ કહ્યું કે તેઓ અહીં તેમના 'ગુરુ'ને માન આપવા આવ્યા છે.

ગોપીએ વધુમાં કહ્યું કે નયનર અને તેમની પત્ની શારદા શિક્ષકો જેવા છે. કરુણાકરણ અને તેમની પત્ની કલ્યાણીકુટ્ટી અમ્મા સાથે પણ તેના ગાઢ સંબંધો છે. સુરેશ ગોપી ૧૨ જૂને કન્નુરમાં ઈકે નયનરના ઘરે ગયા હતા અને તેના પરિવારના સભ્યોને મળ્યા હતા. ગોપીએ કહ્યું કે તેઓ ઈન્દિરા ગાંધીને ભારતની માતા તરીકે જુએ છે અને કે. કરુણાકરણને 'કેરળમાં કોંગ્રેસ પાર્ટીના પિતામહ માનવામાં આવે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે કે. કરુણાકરણને કેરળમાં કોંગ્રેસના જનક કહીને તેઓ આ દક્ષિણી રાજ્યમાં પાર્ટીના સ્થાપકો કે સહ-સ્થાપકોનો અનાદર કરવા માંગતા નથી. સુરેશ ગોપીએ કોંગ્રેસના દિગ્ગજ નેતાની વહીવટી ક્ષમતાઓની પણ પ્રશંસા કરી હતી અને તેમને તેમની પેઢીના 'હિંમતવાન વહીવટકર્તા' ગણાવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું હું ૨૦૧૯માં પણ મુરલી મંદિરમ જવા માંગતો હતો. પરંતુ કે. કરુણાકરણની પુત્રી પદ્મજા વેણુગોપાલે રાજકીય કારણોસર તેમને આમ કરતા અટકાવ્યા હતા. પદ્મજા તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ છે. સુરેશ ગોપીએ શહેરના પ્રખ્યાત લોર્ડે માતા ચર્ચમાં જઈને પ્રાર્થના પણ કરી હતી. ગોપી અને તેમના પરિવારે તેમની પુત્રીના લગ્ન વખતે સેન્ટ મેરીની પ્રતિમાને સોનાનો મુગટ ભેટમાં આપ્યો હતો. ગોપીના રાજકીય વિરોધીઓએ તેનો ઉપયોગ તેમને નિશાન બનાવવા માટે કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે મુગટ સોનાનો નહીં પણ તાંબાનો હતો. સુરેશ ગોપીએ કેરળમાં થ્રિસુર લોકસભા સીટ જીતીને ભાજપનું ખાતું ખોલાવ્યું છે. ત્રિશૂરમાં ત્રિકોણીય હરીફાઈ જોવા મળી હતી, જેમાં કોંગ્રેસ, ભાજપ અને સીપીઆઈના ઉમેદવારો વચ્ચે ગાઢ હરીફાઈ હતી

### પાઈલટ હોવાનો ડોળ કરીને લાખો ટ્રાન્સફર કરાવ્યા

# મુંબઈના ટ્યુશન ટીચર, FB પર નકલી મિત્રતા અને ભેટ

નવી દિલ્હી, તા.૧૭

મુંબઈમાં ટ્યુશન ટીચર મહિલા સાથે છેતરપિંડીનો અનોખો કિસ્સો સામે આવ્યો છે. પોલીસનું કહેવું છે કે અહીં એક છેતરપિંડી કરનારે ૬૮ વર્ષની મહિલાને ફેસબુક પર રિક્વેસ્ટ મોકલીને ગિફ્ટના નામે ૮ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી. ઈન્ટરનેશનલ એરલાઈન પાયલોટ તરીકે ઓળખાવતા ઠગાઈએ મહિલા સાથે ફેસબુક પર મિત્રતા કરી હતી.એજન્સી અનુસાર, મહિલાએ ગુરુવારે માહિમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં તેણે જણાવ્યું હતું કે ૧૨ મેના રોજ તેણે 'દેવ પટેલ' નામના વ્યક્તિની ફેસબુક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી, જેને સ્વીકારવામાં આવી હતી. આ પછી તેણે ચેટિંગ શરૂ કર્યું. વ્યક્તિએ ચેટમાં કહ્યું કે તે બ્રિટિશ એરવેઝનો પાયલટ છે. ચેટ પર તેની સાથે વાત કરવાનું શરૂ કર્યું. થોડા દિવસો પછી તેણે કહ્યું કે તેણે મારા માટે ભેટ મોકલી છે.પીડિતાએ જણાવ્યું કે ૩૦ મેના રોજ તેને ફોન આવ્યો હતો. બીજી બાજુ એક મહિલા વાત કરી રહી હતી, તેણે પોતાનો પરિચય 'દિલ્હી કસ્ટમ્સમાંથી દીક્ષિતા અરોરા' તરીકે આપ્યો. તેણે કહ્યું કે દુબઈથી તમારા નામે એક પાર્સલ આવ્યું છે, પરંતુ તેને લેવા માટે તેણે ૭૦,૦૦૦ રૂપિયા જમા કરાવવા પડશે.આના પર પીડિતાએ તરત જ UPI દ્વારા ૭૦,૦૦૦ રૂપિયા મોકલ્યા. આ પછી તેને કહેવામાં આવ્યું કે પાર્સલમાં ૮૦ બ્રિટિશ પાઉન્ડ સ્ટર્લિંગ છે, જે ગેરકાયદેસર રીતે મોકલવામાં આવ્યું હતું અને તેણે બીજા ૨.૯૫ લાખ રૂપિયા ચૂકવવા પડશે, નહીં તો ક્રાઈમ બ્રાન્ચ તેની ધરપકડ કરશે. આ જોઈને મહિલા ડરી ગઈ અને તેણે ફરીથી પૈસા મોકલી દીધા. મહિલાને સતત ધમકાવવામાં આવી રહી હતી.પોલીસે જણાવ્યું કે ૧ થી ૧૦ જૂનની વચ્ચે પીડિત મહિલાએ અંદાજે ૮.૧૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ દરમિયાન પાયલોટ હોવાનો દાવો કરનાર તેના ફેસબુક ફ્રેન્ડે પણ કોલ અને મેસેજનો જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેની સાથે છેતરપિંડી થઈ છે. જેના પર મહિલાએ આ અંગે પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે આઈપીસીની કલમ ૪૨૦ હેઠળ છેતરપિંડીનો કેસ નોંધીને આ મામલે તપાસ શરૂ કરી છે.

### 'સારા અને ખરાબ દિવસો...'

# કેન્સરની સારવાર લઈ રહેલ વેલ્સની રાજકુમારી કેટ મિડલટને ઈમોશનલ પોસ્ટ કરી

## કેટ મિડલટને માર્ચમાં એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી હતી કે તે કેન્સર માટે કીમોથેરાપી કરાવી રહી છે

નવી દિલ્હી, તા.૧૭

વેલ્સની પ્રિન્સેસ કેટ મિડલટને તેની કેન્સરની સારવાર દરમિયાન એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે. ધ પ્રિન્સ એન્ડ પ્રિન્સેસ ઑફ વેલ્સના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કરવામાં આવેલી પોસ્ટમાં કેટ મિડલટનનું એક અંગત નિવેદન છે, જેમાં તેણે કેન્સર સામે લડી રહેલા તેના સ્વાસ્થ્ય વિશે ભાવનાત્મક અપડેટ શેર કરી છે.કેન્સરની સારવાર શરૂ કર્યા પછી મહિનાઓથી લોકોથી દૂર રહ્યા પછી, વેલ્સની રાજકુમારી કેટ મિડલટન ઉનાળામાં કેટલાક જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવાની આશા રાખે છે. પર્સનલ મેસેજની સાથે તેણે પોતાની એક તસવીર પણ શેર કરી છે.માર્ચમાં, કેટ મિડલટને એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી હતી કે તે કેન્સર માટે કીમોથેરાપી કરાવી રહી છે. શુક્રવારે ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી પોસ્ટમાં, કેટે કહ્યું કે તેની સારવાર સારી ચાલી રહી છે પરંતુ "હજુ પણ જંગલની બહાર નથી." તેમણે સારવાર પ્રક્રિયા દરમિયાન તેમના "સારા દિવસો" અને "ખરાબ દિવસો" વિશે ચર્ચા કરી.કેટે લખ્યું: "છેલ્લા કેટલાક મહિનાઓથી મને સમર્થનના સંદેશાઓથી આનંદ થયો છે. તેનાથી વિલિયમ અને મારામાં ઘણો ફરક પડ્યો છે અને અમને બંનેને મુશ્કેલ સમયમાંથી પસાર થવામાં મદદ મળી છે. મારી સારવાર સારી રીતે ચાલી રહી છે." જે પણ કીમોથેરાપીમાંથી પસાર થયા છે તે જાણશે, સારા અને ખરાબ



દિવસો છે જ્યારે તમે નબળાઈ અને થાક અનુભવો છો અને જ્યારે તમે મજબૂત અનુભવો છો, ત્યારે તમે સારા અનુભવનો સંપૂર્ણ લાભ લેવા માંગો છો.કેટ મિડલટને આગળ લખ્યું, "મારી સારવાર ચાલી રહી છે, જે હજુ થોડા મહિનાઓ સુધી ચાલુ રહેશે." તેણીએ ઉમેર્યું હતું કે તે શનિવારની ટ્રુપિંગ ધ કલર પરેડમાં ભાગ લેશે, જે ગયા ડિસેમ્બર પછી તેણીનો પ્રથમ જાહેર દેખાવ હશે."કેટે લખ્યું: "હું આ સપ્તાહના અંતે મારા પરિવાર સાથે કિંગની બર્થડે પરેડમાં હાજરી આપવા માટે આતુર છું અને ઉનાળામાં કેટલાક જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવા માટે આતુર છું, પરંતુ હું જાણું છું કે હું હજી પણ જોખમમાંથી બહાર નથી."તેણીએ આગળ કહ્યું કે હું શીખી રહી છું કે કેવી રીતે ધીરજ રાખવી. દરેક દિવસ જેમ આવે છે તેમ લો, તમારા શરીરને સાંભળો અને તમારી જાતને સાજા થવા માટે પુષ્કળ સમય આપો.

# જૂનાગઢ સિવીલ હોસ્પીટલ ખાતે દિવંગત ઉર્મિલાબેન ઝાલાને અંગદાન સંદર્ભે મરણોપરાંત સન્માનિત કરાયા

**અંગદાતાઓ, તેમના પરિવારના સભ્યો અને સિવિલ સોસાયટીના સભ્યોના તેમની પ્રેરણા અને સમર્પણ, યોગદાનની પ્રશંસા સાથે આવી ઉમદા સેવાને પ્રોત્સાહન આપવા અને માનવજાતની સેવા માટે અન્ય લોકોને પણ તેમના અંગોનું દાન કરવા પ્રોત્સાહિત કરવા અનુરોધ કરતા ભક્ત કવિ નરસિહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી**




જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ જી.એમ.ઇ.આર. એસ. જનરલ હોસ્પિટલ તેમજ જિલ્લા ઓર્ગન ડોનેશન કમિટી જુનાગઢ અને ગાયત્રી શક્તિપીઠ તેમજ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા અંગદાન જાગૃતિ કાર્યક્રમ સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજ્યના અંગદાન કાર્ય સાથે સંકળાયેલ દિલીપભાઈ દેશમુખ ઉપસ્થિત રહ્યા હતા તેઓશ્રીએ અધ્યક્ષિય ઉદબોધનમા જણાવ્યું હતું કે જીવન અને સંબંધોમાં પ્રેમ મહત્વનો ભાગ ભજવે છે. જો પ્રેમના ના હોય જીવનમાં તો હાસ્ય અને ખુશીની અનુભૂતિ અશક્ય હોય છે. એવી રીતે અંગો શરીરમાં થતી ક્રિયાઆનો આધાર સ્તંભ છે. આંગદાન એટલે જ્યારે એક વ્યક્તિનું અંગ બીજામાં રિપ્લેસ કરવામાં આવે છે તો બીજા વ્યક્તિને નવું જીવનદાન પ્રાપ્ત થાય છે. તેથી વ્યક્તિને પુનર્જન્મ મળે છે . અંગોના દાતા અંગ પ્રત્યારોપણ કરનાર વ્યક્તિના જીવનમાં ભગવાનની ભૂમિકા ભજવે છે. આજના દિવસ નિમેતે દરેક મનુષ્યએ જીવનમાં અંગદાન નું પ્રણ લેવા જોઈયે. કારણ આંગદાન એ મહાદાન કહેવાય છે. જો મનુષય જીવન દરમ્યાન એક અંગ દાન કરે તો ઘણા લોકોના જીવ બચાવી શકે છે. સાથે સાથે એવું જીવન પણ જીવવુ જોઈએ કે અંગદાનની પોતાને ક્યારેય જરૂર ના રહે, વ્યસન મુક્ત ભારત રોગમુક્ત ભારત ની પરિકલ્પના તેમણે રજૂ કરી હતી.

આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્યથી ઉદ્દ્ઘાટન કરતા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો)ચેતનભાઈ ત્રિવેદીએ ઉપસ્થીતો ને સંબોધતા જણાવ્યું હતું કે ભારત માં ૧૯૬૭ કેમ હોસ્પિટલ બોમ્બે ખાતે સૌ પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ થઈ હતી. ૧૯૪૪ દિલ્લી એમ્સ ખાતે હદય ટ્રાન્સપ્લાન્ટ થયેલું હતું ૧૯૯૫ માં મલ્ટિ ઓર્ગન અપોલો ચેન્નાઈ હોસ્પિટલ ખાતે થયું હતું . ૧૯૯૮ માં મદ્રાસ હોસ્પિટલ ખાતે ફેફસા ટ્રાન્સપ્લાન્ટ થયું અને ૧૯૯૯ માં અમદાવાદ ખાતે સ્વાદુપિંડ ટ્રાન્સપ્લાન્ટ હતું. આ જાગૃતિ કાર્યક્રમમાં અંગદાતા વાલ્મીકિ પરિવારના દિવંગત ઊર્મિલાબેન ઝાલાનાં પરિવારના સભ્યો અને સિવિલ સોસાયટીના સભ્યોના તેમની પ્રેરણા અને સમર્પણ, યોગદાનની પ્રશંસા કરતા ડો. ત્રિવેદીએ આ ઉમદા સેવાને પ્રોત્સાહન આપવા અને માનવજાતની સેવા માટે અન્ય લોકોને પણ તેમના અંગોનું દાન કરવા પ્રોત્સાહિત કરવા હિમાયત કરી જણાવ્યુ કે જીવનમા અંગોનું દાન કરવું મહત્વ છે તેના થકી મનુષ્ય બીજા મનુષ્યને જીવનદાન આપે છે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ નાં કુલપતિ પ્રો (ડો).ચેતન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ગિરનાર ભૂમિમાં થતા સત્કાર્યનું ફળ ઈશ્વર દશ ગણું પરત કરે છે, અંગદાન કરવાથી કોઈનું જીવન બચશે, વાલ્મિકી સમાજે આજે અંગદાન થકી જૂનાગઢને પ્રેરણા સંદેશો પૂરો પાડ્યો છે, સાથે દિવંગત ઊર્મિલાબેને પ્રથમ ઓર્ગન ડોનર તરિકે કાયમ માટે લોકોના હૃદયમાં સ્થાન હાસલ કર્યું છે, પ્રત્યેક વ્યક્તિ એટલો જ નિર્ણય કરે કે સમાજ હિત માટે હું શું કરી શકું? બસ આ ભાવથી થયેલ નિર્ણય સારો અંજામ અર્પણ કરી જાય છે. આજના કાર્યક્રમ થકી અંગદાન કરનાર પરિવારને પ્રોત્સાહન તો મળે જ છે પણ સાથે સમાજ વ્યવસ્થામાં પ્રેરણા નો સંદેશો પણ વહે છે. માધ્યમ કર્મીઓએ ઉર્મિલાબેન ઝાલાના પરિવાર દ્વારા અંગદાનની થયેલ પહેલના નિર્ણય અંગે હકારાત્મક વિચાર ની સ્ટોરી તૈયાર કરી લોકોને પ્રેરણા સંદેશો પૂરો પાડવા માટે સહયોગી બનવું જોઈએ. કાર્યક્રમમાં ભવનાથ તિર્થક્ષેત્રમા સેવાની સુવાસ પ્રસરાવનાર ગાયત્રી શક્તિપીઠના સેવારથી નાગદાનભાઈ વાળાએ અંગદાતા દિવંગત ઉર્મિલાબેન ઝાલાના પરિવારજનોને અભિનંદન પાઠવ્યા જણાવ્યું હતું કે પરિવારના આપ્તજનની અણધારી વિદાયના દુ:ખદ સમયે અંગદાનનો નિર્ણય કરવો કઠિન હોય છે, ત્યારે ઝાલા પરિવારે બીજાની જિંદગીમાં ઊજાશ ફેલાય તેવા નિર્ણય સાથે ઉર્મિલાબેન ના અંગોનું દાન કરવાનો નિર્ણય કર્યો તે સરાહનીય છે, પ્રેરણા સભર પણ છે, આ તકે મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત અગ્રણી ધારાશાસ્ત્રી કિરીટભાઈ સંઘવી, સાહિત્યકાર અમુદાનભાઈ ગઢવી સહીત મહાનુભાવોએ પ્રાસંગિક વાતમા પોતાનો સુર પુરાવી જણાવ્યું હતું કે અંગદાન થી લોકોને નવું જીવન મળે છે , બીજાને એક મદદ થાય છે. લોકોને રીબર્થ ની અનુભૂતિ થાય છે અને સંસાર સતત આગળ વધે છે. જીવનમાં કઈ મફત નથી મળતું પણ જો મનુષય ધારે તો નવું જીવન પોતાના થકી બીજાને આપી શકે છે. અંગ દાન બે પ્રકાર ના હોય છે જેમાં પહેલું છે શરીરના અંગો નું દાન અને બીજા ક્રમે આવે પેશીયો નું દાન જેમાં ચામડી, કોરનેય, બોન મરરો, હાર્ટ વલવેસ જેવી પેશિયો ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. જ્યારે એક વ્યક્તિ પોતાનું એક અંગદાન કરે ત્યારે ૮ જીવનું પુન : નિર્માણ થાય છે. દરેક વ્યક્તિ ૮ અંગો દાન આપી શકે છે. જેમાં ૨ કિડની , હદય , ૨ ફેફસા ,લિવર , આતરડા , સ્વાદુપિંડ , યકૃત અંગોનું દાન કરી શકે છે.આજનો અંગદાન જાગૃતિ કાર્યક્રમ સમાજમાં અંગદાન બાબતે સાચી જાણકારી વહન કરવા ઉપયોગી થશે.

જી એમ ઈ આર એસ જનરલ હોસ્પિટલ તેમજ જિલ્લા ઓર્ગન ડોનેશન કમિટીના તબીબી અધિક્ષક ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટે અંગદાન અને અંગદાતાઓના પરિવારની બાબતોને છણાવટ કરતા જણાવ્યું હતું કે તબીબી વિજ્ઞાન ક્ષેત્ર ખૂબ આગળ વધ્યું હોવા છતા હજી કૃત્રિમ માનવ અંગો બનાવી શક્યું નથી. કોઈપણ અંગ મેળવનારા દર્દી માટે પ્રત્યારોપણનો અર્થ નવી જિંદગી છે. જેમાં એવા દર્દીઓ કે જેના હૃદય, લીવર અને કિડની જેવા અતિઆવશ્યક અંગો બગડી ગયા હોય તે અંગોના પ્રત્યારોપણથી તે દર્દી સામાન્ય જીવન જીવી શકે છે. લોકોએ સાચી જાણકારી અને પરહીતની ભાવના સાથે આગળ આવવુ જોઈએ.૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના પ્રથમ જાગૃતિ બેઠક યોજાઈ અને તા ૪ મે ૨૦૨૪ ના સિવિલ હોસ્પિટલ જુનાગઢ દ્વારા બ્રેઈન ડેડ ઓર્ગન ડોનેટ થયા, વિષય નિષ્ણાત સઘન તપાસ બાદ ઉર્મિલાબેન ઝાલાના પરિવારના સહયોગથી લીવર, કિડની, બંને કોર્નિયા નું દાન છ લોકોને નવજીવન સફળ પુરવાર થયું છે..

ચાપરડા શૈક્ષણિક ધામ ખાતેથી પૂજ્ય મુક્તાનંદ બાપુનાં પ્રતિનિધિ શ્રી ગણેશાનંદ બાપૂએ પ્રાસંગિક વાત કરતાં જણાવ્યું હતું કે બ્રેઈન સ્ટેમ ડેથ અને અંગદાન વિશે જાગૃતિ લાવવાનો, અંગદાન સાથે સંકળાયેલી દંતકથાઓ અને ગેરસમજોને દૂર કરવા અને દેશના નાગરિકોને મૃત્યુ પછી અંગો અને પેશીઓનું દાન કરવા માટે પ્રોત્સાહન અને પ્રોત્સાહિત કરવા તેમજ અંગદાનના મૂલ્યોને તેમના જીવનમાં આત્મસાત કરવા માટે આજનો આ જાગૃતિ કાર્યક્રમ ઉપયોગી થશે. આ પ્રસંગે સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ શ્રી મનસુખભાઈ વાજા, મંજૂરી આઈ કલેકશન સેન્ટર જુનાગઢનાં ગિરીશભાઈ મશરૂ, અગ્રણી ભીખાભાઈ જોશી, પી ડી. ગઢવી, અશોકભાઈ ભટ્ટ , ગીતાબેન મહેતા, ડો. સી.એલ.વ્યાસ, એડવોકેટ કમલેશભાઈ પી.પંડ્યા,સલીમ ગુજરાતી,સહિત જુનાગઢના ગણમાન્ય અગ્રણી, સેવારથી કાર્યકર્તાઓ, તબીબો , જિલ્લા ઓર્ગન ડોનેશન સમિતિનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિસ્તરણ અધિકારી ગાયત્રીબેને કર્યુ હતું, કાર્યકર્મનાં પ્રારંભે અતિથીઓને શાબ્દિક સ્વાગત સાથે કાર્યક્રમની રૂપરેખા પંજુરી આઈ કલેકશન સંસ્થાનાં મુક સેવક ગિરીશભાઈ મશરૂ એ પોતાના માતુશ્રીનાં ચક્ષુદાન ની વાત સાથે આપી હતી, આભર દર્શન વિકલાંગ વિદ્યાર્થી ટ્રસ્ટ જુનાગઢના વર્ષાબેન બોરીચાંગરે કર્યું હતું. આ તકે ઉપસ્થિત મહાનુભાવોએ ઓર્ગન ડોનેશન કાર્ય સાથે સંકળાયેલા સિવિલ હોસ્પિટલના ડોક્ટરો, પેરામેડિકલ સ્ટાફ, ઓર્ગન ડોનેશનને વાહન કરવા માટે વ્યવસ્થા કરવા માટે ગુજરાત પોલીસના અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓને સન્માનિત કર્યા હતા. સાથે અંગદાન કરનાર ઉર્મિલાબેન ઝાલાના પરિવારજનોને પણ બહુમાન કર્યું હતું

### ખંભાળિયામાં પહેલા વરસાદે જ મોસમનો ૩૨.૫ ટકા વરસાદ પડી ગયો

# ખંભાળિયા પંથકમાં પ્રથમ વરસાદમાં જ મેઘરાજા ઓળઘોળ ૧૦ ઈંચ સુધી વરસાદ વરસતા સર્વત્ર પાણી પાણી





(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૭

જામખંભાળિયા તેમજ ભાણવડ પંથકમાં રવિવારે ચોમાસાના પ્રારંભે જ મેઘ મહેર વરસી હતી અને ખંભાળિયામાં રવિવારે છ કલાકમાં મુશળધાર નવ ઈંચ સાથે સાંજે છ વાગ્યા સુધીમાં કુલ પોણા ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. આ સાથે ભાણવડ તાલુકામાં પણ અઢી ઈંચ જેટલો તેમજ દ્વારકામાં ગત મધરાત્રે સવા ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ દ્વારા અગાઉ જારી કરવામાં આવેલી આગાહીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદની આગાહી ન હતી. તેમ છતાં પણ શનિવારે રાત્રે મેઘાના મંડાણ થયા હતા. શનિવારે રાત્રે આશરે ત્રણેક વાગ્યે શહેરમાં જોરદાર ઝાપટું વરસી જતા માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા. આ વરસાદ ખંભાળિયા તાલુકામાં ૮ મીલીમીટર અને ભાણવડ તાલુકામાં વહેલી સવારનો ૪ મીલીમીટર નોંધાયો હતો. આ પછી પણ રવિવારે સવારે છ થી નવેક વાગ્યા દરમ્યાન ભાણવડ તાલુકામાં ધોધમાર ૫૫ મીલીમીટર સાથે આજે સવાર સુધીમાં ભાણવડ તાલુકામાં ૬૦ મીલીમીટર (અઢી ઈંચ) વરસાદ પડી ગયો હતો.

મેઘરાજાએ ખંભાળિયા તાલુકામાં જાણે મુકામ કર્યો હોય તેમ રવિવારે બપોરે એકાદ વાગ્યાથી શરૂ થયેલો ધોધમાર વરસાદ બપોરે પાંચેક વાગ્યા સુધી અવિરત રીતે વરસ્યો હતો. જેમાં સૌથી વધુ બપોરે ૨ થી ૪ દરમિયાન મુશળધાર ૫ ઈંચ વરસાદ એક સાથે વરસતા નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. આ પછી પણ વધુ ૨ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. આમ, શનિવારે રાત્રીથી ઓળઘોળ થયેલા મેઘરાજાએ રવિવારે પાંચેક વાગ્યા સુધીમાં ધોધમાર કુલ પોણા ૧૦ ઈંચ (૨૪૧ મીલીમીટર) પાણી વરસાવી દીધું હતું.

ધોધમાર વરસાદના પગલે અહીંના નગર ગેઈટ, સલાયા ગેઈટ, ગોવિંદ તળાવ, વિગેરે નીચાણવાળા વાળા વિસ્તારોમાં ગોઠણ સમા પાણી વહ્યા હતા. ભારે વરસાદના પગલે નાના જળસ્ત્રોતોમાં જાણે ઘોડાપૂર જેવા પાણી આવ્યા હતા. ખંભાળિયા - દ્વારકા માર્ગ પરના બારા, વડત્રા વિગેરે ગામોમાં ચાર ઈંચ સુધી વરસાદ વરસતા અનેક નદીઓમાં ઘોડાપૂર જોવા મળ્યા હતા. આ ઉપરાંત વિરમદળ, ઝાકસીયા, સામોર સહિતના ગામોમાં પણ પાંચથી છ ઈંચ સુધી વરસાદ વરસતા નદીઓ વહેતી થઈ ગઈ હતી. આ સાથે ખંભાળિયા - ભાણવડ માર્ગ પરના ગામોમાં પણ ધોધમાર વરસાદ વરસ્યાના વાવડ છે. ખંભાળિયા બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં આજે સવારે ચઢતા પહોરે ૩૨ મીલીમીટર (સવા ઈંચ) વરસાદ પડી ગયો હતો. જ્યારે કલ્યાણપુર પંથકમાં ગત મધ્ય રાત્રિના છૂટા છવાયા ઝાપટાથી પાંચ મીલીમીટર પાણી વરસ્યાનું પણ નોંધાયું છે. ખંભાળિયા શહેરને પાણી પૂરું પાડતા ઘી ડેમમાં નવા નીરની નોંધપાત્ર આવક થઈ નથી. રવિવારના વરસાદથી ખંભાળિયા પંથકમાં મોસમનો કુલ ૩૨.૫ ટકા તેમજ ભાણવડ તાલુકામાં ૧૧.૫ ટકા વરસાદ નોંધાયો છે.

ખંભાળિયામાં શનિવારે રાત્રે વરસાદી ઝાપટાના પગલે લાંબો સમય વીજ પુરવઠો ખોરવાઈ જતા કાળઝાળ ગરમીમાં લોકો ત્રાસી ગયા હતા. આવી જ પરિસ્થિતિ શહેરમાં રવિવારે બપોરે તેમજ સાંજે પણ જોવા મળી હતી અને અવારનવાર સતત અડધો-પોણો કલાક વીજ વિક્ષેપ રહેતા વીજ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી સામે લોકોમાં પ્રશ્નો ખાડા થયા છે. વરસાદના પગલે થોડો સમય વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. પરંતુ પછી ઉકળાટ અને બફારાનું પ્રમાણ વધ્યું હતું. રવિવારે આખો દિવસ સૂર્યનારાયણના દર્શન થયા ન હતા. જો કે આજરોજ સોમવારે વાતાવરણ ચોખ્ખું બની રહ્યું હતું અને સવારથી જ તડકો નીકળતા લોકોએ રાહતનો દમ ખેંચ્યો છે.

રવિવારે માત્ર છ કલાક જેટલા સમયગાળામાં નવ ઈંચ સુધી વરસાદથી લોકોના તન અને મન તરબતર બન્યા હતા. જો કે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. પરંતુ શહેરના અનેક રસ્તાઓ ધોવાઈ ગયા હતા. રવિવારે મુશળધાર અને પ્રથમ વરસાદમાં નાહવાની મોજ માણવા અબાલ-વૃદ્ધ સૌ મોટી સંખ્યામાં રસ્તા પર જોવા મળ્યા હતા. ખંભાળિયા પંથકમાં નોંધપાત્ર તેમજ ભાણવડ તાલુકામાં પણ વાવણી જોગ વરસી ગયેલા આ વરસાદથી ધરતીપુત્રોમાં પણ અનેરી ખુશી જોવા મળી રહી છે.

## અપમૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

મુળ ગોધરાના અને હાલ ઝાંઝરડામાં હેતા નગીનભાઈ રમેશભાઈ રાઠવા (ઉ.વ. ૨૧)ને ઈલેક્ટ્રીક શોક લાગતાં બેભાન થઈ જતાં સીવીલ હોસ્પીટલમાં લઈ જતાં ફરજ પરનાં ડોકટરે મૃત જાહેર કરેલ છે.

## કેશોદ : જમીનનાં વિવાદ બાબતે કુહાડી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

કેશોદ તાલુકાનાં મુળીયાસા ગામનાં જાદવભાઈ જીવાભાઈ વાળાએ સરમણભાઈ ભુરાભાઈ વાળા, હીરીબેન વાખા સામે કેશોદ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપીઓએ જમીનનાં વિવાદ બાબતે જાહેરમાં ભુંડી ગાળો આપી આરોપી નં. ૧નાએ પોતાનાં હાથમાં રહેલ કુહાડી ફરીયાદીનાં પેટનાં જમણા ભાગે મારી ઈજા કરી જાનથી મારી નાખવાની કેશોદ પોલીસમાં ફરીયાદ નોંધાવેલ છે.

## જૂનાગઢ : મહીલાને મકાન ખાલી કરવા ધમકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢનાં પંચેશ્વર વિસ્તારમાં રહેતા ચંદ્રીકાબેન ભુતીયાએ ઉકાભાઈ કોડીયાતર અને કશાભાઈ કોડીયાતર સામે એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામના ફરીયાદી પોતાનાં ઘરે હોય અને આરોપીઓ બંને શખ્સો કહેવા લાગેલ કે તમો મકાન ખાલી કરીને જતા રહો તેવું કહી ગાળો બોલી લાકડી લઈ પાછળ દોડેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવેલ છે.

## જૂનાગઢમાં પત્નીનાં વિયોગમાં યુવાનનું ગળાફાંસો ખાતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ પર શ્રીકુંજ એપાર્ટમેન્ટમાં રહેતા સોપારીના વેપારી ગૌરવભાઈ પરસોતમભાઈ ભુતે પત્ની બાળકોને મુકી પીયર જતી રહી હોય તેથી તેના વિયોગમાં રૂમનો દરવાજો અંદરથી બંધ કરી ઈલેકટ્રીક પંખા સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં મૃત્યું નિપજયું હતું. યુવાને લખેલી બે પાનાની સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝનનાં પીએસઆઈ આર.એમ. વાળા ચલાવી રહયા છે.

**ઝેરી દવા પીતા મોત**

ભેંસાણ તાલુકાનાં સામતપરાનાં કેતનભાઈ સામતભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૫) કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી લેતાં મૃત્યું પામેલ છે.

## વંથલી નજીકથી બીયરનાં ૭ ટીન સાથે ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

વંથલી પોલીસે ધંધુસર જવાનાં રસ્તે અંડરબ્રીજ નજીક કાર રોકાવી તલાસી લેતાં બીયરનાં ટીન નંગ-૭, મોબાઈલ ફોન-૩, ફોર વ્હીલ કાર મળી કુલ રૂા. ૬૩૫૭૦૦નાં મુદામાલ સાથે અનીકેત સંચાલીયા (અમદાવાદ), હાર્દીકભાઈ ચાવડા (નાના કાજલીયાળા), ભરતભાઈ હરદાસભાઈ દીવરાણીયા (ધંધુસર)ને ઝડપી લીધેલ હતાં. જયારે પોલીસની વધુ પુછપરછમાં આ બીયર દીલુભાઈ રામાભાઈ મેર (ધંધુસર) પાસેથી લીધો હોવાનું જણાવતાં વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં યુવાન પર છરી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭

મુળ બનાસકાંઠનાં અને સકકરબાગ પાસે સતીષભાઈ રબારીની વાડીમાં રહેતા જેન્તીભાઈ બાબુભાઈ રાઠોડે અપ્પુ સર્વદી અને અજાણ્યા શખ્સ સામે એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આરોપી નં. ૧ નાએ ભુંડી ગાળો આપી છરીથી પગમાં એક ઘા મારી ઈજા કરી તથા આરોપી નં. ૨નાએ લાકડાનાં ધોકાથી શરીરે ડાબા હાથમાં માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતાં એ ડીવીઝનનાં પીએસઆઈ જે.આર. વાઝાએ તપાસ હાથ ધરી છે.


**મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં,**
**તાલુકા સેવા સદન, સરદારબાગ, જૂનાગઢ**

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૨૨/૨૦૨૪

**:: જાહેર નોટીસ ::**

પ્રતિ,
શ્રી તીરથદાસ ઢાલુરામ ગુલવાણી
રહે. ગુરૂકૃપા-૧, એપાર્ટમેન્ટ સેજના ઓટો પાસે,
જુની કલેકટર ઓફીસ પાસે, જૂનાગઢ........... વાદી
વિરૂધ્ધ
જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
મહાનગરપાલિકા, જૂનાગઢ
તા. જૂનાગઢ (શહેર), જીલ્લો-જૂનાગઢ.......... પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી તીરથદાસ ઢાલુરામ ગુલવાણી તેમનાં પત્ની લીલાવંતીબેન તીરથદાસ ગુલવાણી કે જેઓનું તા. ૦૧-૧૨-૨૦૦૦ના રોજ જૂનાગઢ મુકામે અવસાન થયેલ, પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીએ કરવાની રહી ગયેલ હોય, મરણ નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૫, માહે- જૂન, ૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

સહી અવાચ્ય
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)



**જાહેર નિવિદા**

આથી સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં સામાજીક વનીકરણ વિભાગ,ગીર સોમનાથ હેઠળની વિસાવદર રેન્જ હેઠળના કાર્યક્ષેત્રમાં રેન્જ ટેન્ડર નં. ૧ સામાજીક વનીકરણ કામગીરી,તથા રસ્તાના સમારકામ સબબ મટીરીયલ્સ પુરૂ પાડવાની કામગીરી તથા રેન્જ ટેન્ડર નં. ૨ વન મહોત્સવ,અન્યકાર્યક્રમ, સ્ટેશનરી પુરૂ પાડવાની કામગીરી કામો માટે ઓફલાઈન ટેન્ડર મારફત વાર્ષિક ભાવો મગાવવામાં આવે છે.જેથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલ બંધ કવરમાં રૂબરૂ/રજી.એ.ડી.થી ટેન્ડર મગાવવામાં આવે છે.તે અંગેના ટેન્ડર ફોર્મ,ટેન્ડરની શરતો.ભરેલ ટેન્ડરો રજૂ કરવા અંગેની સુચનાઓ તથા અન્ય માહિતી સામાજીક વનીકરણ રેન્જ કચેરી,મુ.માણાવદર ખાતે થી રૂબરૂ મેળવી લેવી.

| | | |
|---|---|---|
| ટેન્ડરફોર્મ મેળવવાની છેલ્લી તારીખ / સમય | :- | તા.૨૦/૦૬/૨૦૨૪ના રોજ કલાક : ૧૮:૦૦ કલાક |
| ટેન્ડરફોર્મ ફી(નોનરીફંડેબલ) ટેન્ડર ફોર્મ મેળવતીવખતે ડી.ડી.જમાકરાવવાનો રહેશે. | :- | રૂ.૫૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ ( Deputy Conservator of Forests, Social Forestry Division, GirSomnath)નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ,ગીર સોમનાથના નામનો |
| ઈ.એમ. ડી. ની રકમ | :- | રૂ. ૫૦૦૦/- ડીમાન્ડ ડ્રાફ્ટ ( Deputy Conservator of Forests, Social Forestry Division, GirSomnath)નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ,ગીર સોમનાથના નામનો |
| ટેન્ડરભરીને આપવાનું સ્થળ | :- | રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, સામાજીક વનીકરણ રેન્જ, વિસાવદર |
| ટેન્ડરભરીને મોકલવવાની છેલ્લી તારીખ અને સમય | :- | તા.૨૨ /૦૬/૨૦૨૪નારોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ, સમય અને સ્થળ | :- | તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે અથવા ત્યારબાદ અનુકુળતા મુજબ ખોલવામાં આવશે. મદદનીશ વન સંરક્ષકશ્રીની કચેરી, સામાજીક વનીકરણ વિભાગ, સરદારબાગ, જૂનાગઢ |

વધુ માહિતીમાટે સંપર્ક :-
રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી,
સામાજીક વનીકરણ રેન્જ, વિસાવદર

રેન્જ ફોરેસ્ટ ઓફિસર
સામાજીકવનીકરણ રેન્જ, વિસાવદર

માહિતી/જૂના/૮૮/૨૦૨૪

# જૂનાગઢમાં ગિરનાર દરવાજા વિસ્તારમાં ૧૦ કિલો ગાંજા સાથે ૪ શખ્સો ઝડપાયા

જૂનાગઢ તા. ૧૭ જૂનાગઢ શહેરમાં ગિરનાર દરવાજા વિસ્તારમાંથી ૯ કિલો ૯૯૦ ગ્રામ (૧૦ કિલો) ગાંજા સાથે ચાર શખ્સોની ઝડપી લેવામાં આવ્યા છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ પોલીસને મળેલી બાતમીનાં આધારે ચોકકસ સ્થળે રેડ કરતા ૯ કિલો ૯૯૦ ગ્રામ ગાંજો ઝડપાયો હતો આ ચાર શખ્સોમાં ત્રણ શખ્સો બગસરાનાં અને એક શખ્સ અમરેલીનો હોવાનું જાણવા મળેલ છે. પોલીસે ગાંજા સહિત રૂા. ૨.૨૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે. આ બનાવનાં સંદર્ભમાં પોલીસે ફૈઝાન હારૂન શેખ (બગસરા), ઈલ્યાસ માડવીયા (અમરેલી), આદિલ રહીમ પડાયા (અમરેલી) અને ઉમર કાલવાત (અમરેલી)નાં શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.


## કાળવા ચોક સ્થિત વિશાલ ટાવરનાં નીચેના ૪ માળ નહીં ઉતારવા માટે

# ટીપીઓ ગામીતે રૂા. ૧૦ લાખની માંગણી કરી હોવાનો મુકેશ કામદારનો સનસનીખેજ આક્ષેપ



જૂનાગઢ તા. ૧૭ રાજકોટનાં અગ્નિકાંડ બાદ સફાળે જાગેલી જૂનાગઢ મનપાને ભારે શુરાતન ચડયું હોય તેમ ફાયર એનઓસી, બીયુ તેમજ જર્જરીત બિલ્ડીંગોને ઉતારવા, વેપારીઓની દુકાનને સીલ મારવા જેવી અનેકવિધ કાર્યવાહી મનફાવે તેમ કરી રહી છે. જયારે ઉપરનાં સ્તરે મનપા સારી કામગીરી થઈ રહી હોવાનો દેખાડો કરવામાં માહીર બની ગઈ છે. આ મનપાનું આ ડીંડક ચાલી રહયું ત્યારે જૂનાગઢ મનપાનાં ટીપીઓ બિતીન ગામીત સામે વિશાલ ટાવરનાં બધા માળ નહીં ઉતારવા રૂા. ૧૦ લાખની માંગણી કરેલ હોવાનું ગુજરાત બાર કાઉન્સીલનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ કામદારે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

જૂનાગઢનાં કાળવા ચોકમાં આવેલ વિશાલ ટાવરના પાંચમાં માળથી લઈ ૧૦મા માળ સુધી ઉતારી લેવા નોટીસ આપવામાં આવેલ હતી. આ પ્રકરણમાં નીચેના ૪ માળ યથાવત રાખી દેવા માટે રૂા. ૧૦ લાખની લાંચની માંગણી કરી હોવાનો સનસનીખેજ આક્ષેપ ગુજરાત બાર કાઉન્સીલના વાઈસ ચેરમેન મુકેશભાઈ કામદારે કર્યો છે. આ અંગે તેમણે મુખ્યમંત્રીને પત્ર પાઠવી જણાવ્યું છે કે ટીપીઓ બિપીન ગામીતે કાળવા ચોકમાં આવેલ વિશાલ ટાવરના ચાર માળથી ઉપરના બધા માળ જર્જરીત હોય તેને ઉતારી લેવા નોટીસ આપી હતી. પરંતુ બાદમાં દસે-દસ માળ ઉતારી લેવાનું જણાવ્યું હતું. આ કોમ્પલેક્ષમાં દુકાન અને ઓફીસ ધરાવનારે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી છે. જે હાલ પેન્ડીંગ છે. દરમ્યાન તા. ૨૯ એપ્રીલનાં રોજ ટીપીઓ ગામીતે મુકેશભાઈ કામદારની ઓફીસે બિલ્ડીંગના ઓફીસ ધારકો અને દુકાન માલીકોને બોલાવી મીટીંગ યોજી હતી. મીટીંગ પુરી થયા બાદ ટીપીઓએ મુકેશભાઈ કામદાર પાસે રૂા. ૧૦ લાખ માંગ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો જે અંગેનો પત્ર મુખ્યમંત્રી, ગુજરાત વિજીલન્સ કમીશન, એસબીના ડીજી અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં સચવીને પાઠવી તપાસ કરવા માંગણી કરી હતી. આ મુદો શહેરભરમાં ટોક ઓફ ધ ટાઉન બનેલ છે.



# જૂનાગઢ શહેરમાં ઈદની ઉજવણી કરાઈ : મુસ્લીમ બિરાદરોએ ઈદગાહ સહીત વિવિધ મસ્જીદોમાં નમાજ અદા કરી દેશની સુખ શાંતિ માટે પ્રાર્થના કરી






જૂનાગઢ તા. ૧૭ આજે સમગ્ર વિશ્વમાં મુસ્લીમ બિરાદરો દ્વારા ઈદ-અલ-અજહાની આસ્થા પૂર્વક ઉજવણી થઈ રહી છે. તે સંદર્ભમાં આજે જૂનાગઢ શહેરમાં પણ આવેલ તમામ મસ્જીદોમાં ઈદની નમાજ અદા કરવાની સાથે ઈદની ઉજવણી કરવામાં આવી હતી. ઈદની મુખ્ય નમાજ પરંપરા મુજબ સરદારબાગ સ્થિત ઈદગાહ ખાતે યોજવામાં આવી હતી. ઈદની નમાજ બાદ મુસ્લીમ બિરાદરોએ એકબીજાને ભેટીને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રનાં આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. જેમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમીતીનાં આગેવાનો અમીતભાઈ પટેલ, ગોવીંદ દુબે, મનોજ ડોબરીયા, બટુકભાઈ મકવાણા, વહાબભાઈ કુરેશી, ઈસાન હાલેપોત્રા, સોહીલ સીદીકી વગેરે ઉપસ્થિત રહયા હતાં. ઈદની નમાજ બાદ દેશની પ્રગતી, સુખ શાંતિ માટે દુવા પ્રાર્થના કરવામાં આવી હતી.

# જૂનાગઢ મનપાનું અંતિમ જનરલ બોર્ડ ૨૦ જુને મળશે

## અનેક નવા જુની થવાનાં એંધાણ : વિપક્ષો વિવિધ મુદે શાસકો પર દબાણ લાવશે

જૂનાગઢ તા. ૧૭ ભાજપ શાસિત જૂનાગઢ મનપાની જનરલ બોર્ડની મીટીંગ તા. ૨૦ જુનનાં રોજ મળશે. જે અંતિમ જનરલ બોર્ડ રહેશે. આ મીટીંગમાં વિપક્ષો વિવિધ મુદે શાસકો પર પસ્તાળ પાડશે. જૂનાગઢ શહેરની અનેક સમસ્યાઓ ઉકેલાય નથી ત્યારે પાંચ વર્ષમાં મળેલી ગ્રાન્ટ, કરેલા કામોનો જનરલ બોર્ડમાં હિસાબ મંગાશે. પાંચ વર્ષમાં કયા વોર્ડમાં કેટલા કામો થયા, તેનાથી લોકોને શું સુવિધા મળી, હવે કેટલા કામો બાકી રહયા છે તે તમામ મુદે સવાલો ઉભા કરવામાં આવશે. ૩૧ જુલાઈએ જૂનાગઢ મનપામાં ભાજપ બોડીનાં પાંચ વર્ષ પુરા થઈ રહયા છે. ત્યારે હવે ચુંટણી થશે કે વહીવટ શાસન આવશે તે અંગે શહેરભરમાં ચર્ચા ચાલી રહી છે. આધારભુત સુત્રોનાં જણાવ્યા મુજબ ૨૫ જુન સુધીમાં ચુંટણીની જાહેરાત થઈ શકે છે. કેટલાક લોકોનાં મતે વહીવટ શાસન આવશે તેવું જાણવા મળી રહયું છે. હજુ સુધી ચુંટણી મામલે કોઈ સુચના આપવામાં આવી ન હોવાનું જાણવા મળે છે.

# જૂનાગઢમાં જુના મનદુઃખમાં માર માર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૭ જૂનાગઢનાં ભારત મીલનાં ઢોરામાં રહેતા કયુમભાઈ જુણેજાએ હરેશ જાડેજા, સાજણ ઉર્ફે બંદુકે અને પ્રતાપ જાડેજા વિરૂધ્ધ એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીને આરોપી નં. ૧નાએ જુની વાતનું મનદુઃખ રાખી ભુંડી ગાળો કાઢી લાકડાનાં બેટથી માર મારી કરી તેના સાથેનાં આરોપી નં. ૨નાએ ફરીયાદીનાં ડાબા પગમાં ધારીયાથી ગંભીર ઈજા કરેલ તથા આરોપી નં. ૩નાએ લોખંડનાં પાઈપથી ફરીયાદનાં શરીરનાં ભાગે આડેધડ માર મારી પગમાં ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતાં એ ડીવીઝનનાં પીએસઆઈ જે.આર. વાઝાએ તપાસ હાથ ધરી છે.

# વિસાવદર નજીક ઓઝત-૨ ડેમમાં સિંહનો મૃતદેહ મળતા વનવિભાગમાં દોડધામ : શંકાનાં આધારે ખેડૂત યુવાનની ધરપકડ

જૂનાગઢ તા. ૧૭ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી, શંકાસ્પદ ખેડૂત યુવાનની ધરપકડ કર્યા બાદ ઝીણવટભરી પૂછપરછ

વિસાવદર નજીકના ઓઝત બે ડેમના પાણીના ભરાવવામાં ગામ લોકોએ સિંહના મૃતદેહને તરતો જોતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી અને વન વિભાગે સ્થળ પર આવી સિંહના મૃતદેહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં હાલ વન વિભાગે એક શંકાસ્પદ ખેડૂત યુવાનની ધરપકડ પણ કરી છે. વિસાવદર તાલુકાના ઘંટીયાણ અને જુનાગઢ તાલુકાના થુંબાળા ગામની વચ્ચે ઓઝત બે ડેમનો પાણી ભરાવો થાય છે. તેમાં ગત ૧૪ જૂન ના રોજ ગામ લોકોએ તે પાણીમાં એક સિંહના મૃતદેહને તરતો જોયો હતો. જેથી ગામ લોકોએ આગેવાનોને જાણ કરી વન વિભાગને જાણ કરી હતી.

વન વિભાગને જાણ કરતા તે સ્થળ પર આવી મૃત સિંહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરેલ હતી. જેમાં પ્રથમ મૃત સિંહનું પીએમ કરી તેમના વિશેરા લઈ એફ એસ એલમાં મોકલવામાં આવેલ છે. ત્યારબાદ વન વિભાગ એ આસપાસના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું. જેમાં નાની મોણપરી ગામના મોહનીશ ભાનુશંકરભાઈ રવૈયા ના ખેતરમાં તપાસ કરવામાં આવી હતી ત્યારે તે ખેતરમાં અમુક શંકાસ્પદ રુવાટીઓ અને સિંહના ફૂટમાર્ક અનેક જગ્યાએ જોવા મળ્યા હતા. જેથી વન વિભાગે મોહનીશની ધરપકડ કરી તપાસ અર્થે લઈ ગયા હતા. તેમજ મોહનીશ સાથે અન્ય બે લોકોની પણ ધરપકડ શંકાના આધારે કરવામાં આવી હતી. પરંતુ તે બંને શંકાસ્પદોને રાત્રિના જ છોડી મૂકવામાં આવ્યા હતા. વન વિભાગની પૂછપરછમાં મોહનીશે ગુનો સ્વીકાર્યો ન હતો. જેથી વન વિભાગે તેની રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કર્યો હતો.

# જૂનાગઢમાં વરસાદની પધરામણી

જૂનાગઢ તા. ૧૭ સમગ્ર ગુજરાતમાં જયારે ચોમાસુ હાલ દસ્તક દઈ રહયું છે ત્યારે જૂનાગઢ શહેરમાં ગઈકાલે બપોરનાં ૧૨.૩૦ વાગ્યાનાં સુમારે મેઘરાજાએ દસ્તક દીધા હતાં. તાજેતરમાં આકરી ગરમી અને બફારા વચ્ચે વરસાદી ઝાપટું પડી ગયું હતું. જેથી ઠંડીનું વાતાવરણ પ્રસરી જવા પામ્યું હતું. વરસાદનાં કારણે કેરીનું વેંચાણ કરતા વેપારીઓમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. જયારે ખેડૂતો માટે ભીમ અગીયારસનું સુકન સાચવવા આ વરસાદે મહત્વની ભૂમિકા ભજવી છે.

# જૂનાગઢ : ફોનમાં ધમકી આપતા બે સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ જોષીપરાનાં શંભુનગરમાં રહેતા રમેશભાઈ અરજણદાસ સોમાણીએ રામચંદ નીર્ભયદાસ આહુજા (સુરત), તારાચંદ દોલતરામ ચોથાણી (ભાવનગર) સામે બી ડીવીઝનમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં આરોપી નં. ૧એ ફરીયાદીને ભુંડી ગાળો આપી આરોપી નં. ૧ તથા નં. ૨ની વાતચીતનાં રેકોર્ડીંગમાં આરોપી નં. ૧એ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધભમકી આપી આરોપીછ નં. ૨એ ફરીયાદીને ભુંડી ગાળો આપેલાનું રેકોર્ડીંગ મોકલાવ્યાની બી ડીવીઝનમાં ફરીયાદ નોંધાવી છે.

# જૂનાગઢ બી ડીવીઝનમાં મહારાજ ફિલ્મનાં વિરોધમાં વૈષ્ણવ સંપ્રદાય દ્વારા ફરીયાદ નોંધવા માંગણી



જૂનાગઢ તા. ૧૭ મહારાજ ફિલ્મને લઈને જૂનાગઢ પૃષ્ટી માર્ગ સંપ્રદાયનાં સંતો, ભકતોમાં રોષ ફાટી નીકળ્યો છે. સનાતન ધર્મનાં આચાર્ય રઘુનાથજી દિક્ષીત દ્વારા જૂનાગઢ શહેરના બી ડીવીઝનમાં યશરાજ ફિલ્મનાં ડાયરેકટર તેમજ આ ફિલ્મ સાથે સંકળાયેલ તમામ સંબંધીત લોકો વિરૂધ્ધ ગુનો નોંધવા અરજી પણ કરવામાં આવેલ છે. આ ફિલ્મ અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા રોક લગાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહારાજ ફિલ્મનો મેઈન હીરો આમીરખાનનો પુત્ર જુનેદ ખાન છે. મહારાજ ફિલ્મ મુદે વૈષ્ણવ સંપ્રદાયનાં ભકત જીગ્નેશ પંડયાએ જણાવ્યું હતું કે વારંવાર હિન્દુ ધર્મ પર આ રીતે એટેક કરાય છે. માત્ર પબ્લીક સ્ટન્ટ અને ફિલ્મ હીટ કરવા માટે આવા વિવાદ ઉભા કરી લોકો દ્વારા માત્ર હિન્દુ ધર્મ પર જ ફિલ્મો બનાવી કીચડ ઉછાળવામાં આવે છે.

વધુમાં સનાતન ધર્મનાં આચાર્ય અને રઘુનાથજી દિક્ષીતે જણાવ્યું હતું કે મહારાજ ફિલ્મથી સનાતન ધર્મની આસ્થા પર પ્રહાર કર્યો છે. મહારાજ પુસ્તક લખનાર સૌરભ શાહ, પુસ્તક પ્રકાશિત કરનાર પ્રકાશન હાઉસ તેમજ યશરાજ ફિલ્મ અને આમીરખાન તેમજ તેના પુત્ર જુનેદખાન વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવાની માંગ કરી છે. આ પુસ્તકની અંદર હિન્દુ સંતો, ધર્મગુરૂ, હિન્દુ ધર્મની બહેનો, સ્ત્રીઓ અને સૌથી વધારે હિન્દુ ધર્મનાં પરમ આરાધ્ય એવા ભગવાન શ્રીકૃષ્ણ પર પાયા વિહોણા આક્ષેપો કર્યા છે. આત્મવિલોપન સુધીના જલદ કાર્યક્રમો કલેકટર કચેરી ખાતે કરવા તૈયાર છીએ જેમાં સંતો સહીતનાં લોકો જોડાશે તેમ જણાવેલ હતું.


## સી. સી. પડદાવાળા

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫



## મધુરમ સ્કુલ

MADHURAM SCHOOL

એડિમશન ઓપન...



પ્રાપ્ત થતી સુવિધાઓ :
- નવા વર્ષથી નવી શિક્ષણની નીતિ
- જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પધ્ધતિ અને GPSC પરિક્ષાઓની પધ્ધતિથી અપાતુ શિક્ષણ
- તમામ વિષયોમાં અનુભવી શિક્ષકો દ્વારા ડિજીટલ કલાસરૂમમાં અપાતુ શિક્ષણ
- પહેલા ધોરણથી જ વિશાળ કોમ્પ્યુટર લેબમાં અપાતુ શિક્ષણ
- દર અઠવાડિયે લેવાતી વિકલી ટેસ્ટ, બેઝિક ટેસ્ટ, સરપ્રાઈઝ ટેસ્ટ.
- શાળાના સમય સિવાયના સમય એકસ્ટ્રા બેચનું આયોજન કરી નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણનું આયોજન
- ૧ કલાસરૂમમાં ૨ શિક્ષકો દ્વારા અપાતું વ્યકિતગત નિરક્ષણ
- અનુભવી ૪૦ થી વધારે શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ
- વિજ્ઞાન ક્ષેત્રમાં નવા વર્ષથી સાયન્સ લેબનું આયોજન
- મહિનામાં ૫ અને એક વર્ષમાં ૬૦ થી વધુ પ્રોજેકટ અને એકિટીવીટી
- સી.સી.ટીવી દ્વારા સતત નિરીક્ષણ
- ખુબ જ મર્યાદિત સંખ્યામાં એડમીશન બાકી રહેતા વહેલા તે પહેલાના ધોરણે આપના બાળકનું એડમીશન મેળવી લેવુ.
- આવો આપના બાળકોને મેધાવી – તેજસ્વી – યશસ્વી બનાવીએ.

જુલાય વાડા, જૂનાગઢ.

મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

## હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેકટ્રોનિકસ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.